૭૭ રાગ

ઓચ્છવ પદમાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર-લલ્લુભાઇ અમુલખ.

ઠે૦ માણેકચોક---અમદાવાદ.

અમદાવાદ-શાહપુર નવીપોળમાં આવેલા શ્રી "પ્રજાહિતાર્થ મુદ્રાલય" પ્રેસમાં પટેલ. ડાહ્યાભાઇ દલપતરામે છાપી.

આવૃતી ૨ જી. પ્રત ૨૦૦૦.

સને ૧૯૦૯ કીંમત ૦-૪-૦

ઓચ્છવ પદમાળા.

શ્રી ગણેશાયનમઃ શ્રી સારદાયનમઃ

અથ શ્રી ગણુપતીની સાખીઓ.

દુંદાળો દુઃખ ભંજનો, સદાય બાળે વેશ;
પ્રથમ પહેલા પુજીએ, ગવરી પુત્ર ગણેશ. ૧
ગવરી તારા પુત્રને, મધુરા સમરે મોર;
દહાડે બ્રાહ્મણ વાણીયા, રાતે સમરે ચોર. ૨

રાગ.

એરે ગણેશા નમો હનુંમંતા એ બે વીર બુધે બળવંતા;
એકને જોઇએ જનોઇનો જોટો બીજે વાળ્યો વજરકછોટો
એકને ઘેરછે સુધબુધ નારી, બીજો ભાઇ બાળો બ્રહ્મચારી
એકને જોઇએ મોદીક લાડુ બીજાને તેલ સીંદુરએકગાડું
એક જમવા ખટરસ સાર, બીજાને શેવાતણો અધીકાર;
એકે લંકાગઢ પરજાળ્યો, બીજે સુર્યતણો રથ વાળ્યો;
એકે સીતા તણી શોધ લીધી બીજે મહાદેવને બુધદીધી.
એક હતો પારવતીનો તંન બીજો શંકરથી ઉતપંન;
ભણે કનૈયો હું એટલું જાણું બેઉ જોધાને સરખા વખાણું.

રાગ ગોડીની સાખીઓ.

સાંજ પડે દીન આથમે ચકવા ચકવી રોય;
ચાલો ચકવા જ્યાં જઇએ સાંજ પડતાં હોય, ૧
ગોડી પુવ ગોડીયા કોણ ભલેરો દેશ;
સંપત્ત હોયતો ઘર ભલાં નીકર ભલો પરદેશ. ૨
સંપત્ત દેખી મત રાચીએ વિપત્ત પડે મત રોય;
સંપત હેવાં વિપતહે, શ્રી રામ કરે સોહોય. ૩
તિમીર ગયા રવી દેખતે, કુબુદ્ધી ગઇ ગુરૂજ્ઞાન;
સપત્ત ગઇ અતીલોભસે, ભકિત ગઇ અભિમન. ૪
અભિમાની કુંજર ભયો, લીયો અપને શિરભાર,
તાકુ જમરા કુટહે, લુહા ઝુડે લુહાર. ૫

રાગ ગોડી.

શ્રી ગુરૂને પાએ લાગુ,
વેહેલું વેહેલું શ્રી ગુરૂને પાએ લાગુ. ટેક
કરોને કૃપા હરીકસ્ન સેવા કરૂ,
બીજુ કાંઇ ન માગું;
વહેલું વેહેલું શ્રી ગુરૂને પાએ લાગુ. ૧
ગુરૂજી દ્યો ઉપદેશ સદા સુખકારી,
જેણે મન નીરમળ થાયે;
ત્રિવિધી તાપ મોહ માયા મમતા,
વિકાર સઘળો જાએ વેહેલું. ૨

ગુરૂજી વેદપુરાણ શાસ્ત્ર એમ બોલે,
જેને હોય ગુરૂજીનો દ્રઢ વીશ્વાસ;
શ્રી ગુરૂ નારાયણ તેને મળશે,
વરણવે વૈશ્નવદાસ,
વેહેલું વેહેલું શ્રી ગુરૂને પાએ લાગું. ૩

પદ ૧ લું રાગ ગોડી.

હરીજન ભાક્ત ન છાંડે; તન જાય ધન જાય સુખસંત,
નામ કોન જગાડે સંતો ભા૦ ૧
સતી દ્રવ્યકો ન કરે સંઘરો, પડદા બાધે લાહે;
રોમરોમ પિયા રંગરાચી,રામજ રામજબોલે સંતોભા. ૨
શુરા હથિયાર ધરે ધરણીપર. અનેક અનેક દળ કોપે,
સોસોધાવસહેશીર ઉપર, પીછો પાઉ ના રોપે.સંતોભા.૩
કેસરીશ્રાસ ભ્રખે નહીં કબહુ, જો જીવ નીકસી જાએ,
કહે કબીર હરીકી ભક્તિ ન છાંડેઉલટ સુલટ હોઇ જાયસ.

પદ ૨ રાગ ગોડી

ઓ આવે હરી હસતા,
સુજની ઓ આવે હરી હસતા.
મુજ અબળા એકલડી જાણી,
બીતાંર કેહેડે કસતાસુજનીઓ. ૧
પચરંગી પાઘ કેસરીયારે વાઘા,

ફુલડાંના મેહેલે તોરા;
મારે આંગણીએ દ્રાખ બીજોરા.

મેવલે ભરાવું તારા ખોળા, સુજની ૨ પ્રીત કરે તેની પુંઠ ન મેહેલે પાસેથી શે નથી ખીસતા, મીરાં બાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ, રૂદે કમળમાં વજતા સુજ-નીઠ ૩

રાગ ગોડી.

બોહોત ભલો મેરે ભાઇ, અવસર બોહોત ભલોમેરે ભાઇ
સુનશા દેહી દેવતાને દુર્લભ સો દેહી તુને પાઇ.
તુજ પાખંડ અવીધા પડપંચ છાંડ ગુમા બડાઈ,
માત પીતા સ્વારથ કે લોભી, માયાની જાળ બંધાઇ.અ૦
જબ લગી જરા નીકટ નહીં આએ લે ગુરૂ નામ બડાઇ,
સત સગતમે ભેજે ભગવત એહી સ્કલ સુખદાઇ. અ૦
કહેત પોકારી ચેત નર અંધા આતન તેને ગુમાઇ;
કહેત કબીર દહ કાચકે કુંપો વણસતાં વાર ન લાગે.અ૦

રાગ ગોડી—ગૌચારી ઘેર આવે, વાલો મારો ગૌચારી ઘેર આવે; પેડારમાં પરવરીયો વાહાલો; મધુરીશી બેનું બજાવે વાલો મારો૦૧ ગંજાવળના હાર મનોહર. મોર મુગટ શીર સોહે, શાંમ તણી સુંદરતા જોઇ જોઈ, વ્રજજનના મન મોહે વાલો મારો૦ ૨ કુમકુમ કેરાં છાંટા દેવરાવું મો-તીના ચોક પુરાવું; નરસૈયાનોસ્વામી મંદીર પધારે ફુ-

લાડે સેજ બીછાવુ. વાલો મારો૦ ૩

પદ ૫ રાગ કલ્યાણની સાખીયો—ગોડા તો અબ મીટ ગઇ, જબ અસ્ત ભયોહે ભાણ; રાત ઘટીકા હો ગઇ, જબ પ્રગટયો રાગ કલ્યાણ. ૧ કલ્યાણ કલ્યાણ સબકો કહે, મેં કયા કહુ કલ્યાણ; જા ઘર સેવા સ્યામકી, તો ઘર સદા કલ્યાણ. ૨ સુખ ઉપન્યો દુઃખ મીટ ગયો, ચોદેશ ભયો ઉજીયાળ, અંગો અંગથી ઉવટ ભયો જબ પ્રગટયો રાગ કલ્યાણ. ૩ કલ્યાણ રાગસો મહાબળી, સબ રાગકો રાખત માન; સિંહલ દેશકી પદ્મની, જપતિ રાગ કલ્યાણ. ૪

રાગ—ગાવે રાગ કલ્યાણ. મોહન ગાવે રાગ કલ્યાણ; આપે ગાવે ને આપે બજાવે, મોરલીએ લાવે તાન મોહન૦ ૧ મોર પીછ શીર મુગટ બીરાજે, કુંડળ લળકે કાન; મોહન૦ ૨ મીરાંબાઈ કહે પ્રભુ ગીરધર નાગર, ગોપીના ધરીએલ ધ્યાન; મોહન૦ ૩

રાગ કલ્યાણ—ઓરે ઓરે આવરે. ઓરેઓરે આવરે હોવારીઆરા કાનુડા, ઓરે આવરે મળવાને મન આતુર થયુ છે વાલા, સમરે ખાઉં છુ હું તો તે રારે, હોવારી. ૧ આંખલડીમાં અમીતો ઝરે છે વાલા, નૈણાં વરસે ચોધારાંરે હોવારી. ૨ આવું તો ભીંજાય મારી

નવરંગ સાડી વાલા, નારે આવો તો નેડા ટુટેરે;હોવા-
રી ગારા. ૩ નટભે ગોવીંધા સ્વામીને કહું છું વાલા,
પર ઘેર જાજોમાં પેઉડારે, હોવારી ગારા કાનુડા. પદ ૧
રાગ કલ્યાણ—મેરો મનહર લીધો રાજા રણછોડા, રાજા
રણછોડા. કેશવ માધવ શ્રી પુરૂષોત્તમ, કુબેર કલ્યાણ
શ્રી જોડા; મેરો મન. ૧ શંખ ચક્ર ગદા પદ્મ બીરાજે,
મુખ મોરલી ઘનઘોર; મેરો મન. ૨ મોર મુગટ શીરછ
ત્ર બીરાજે, કુંડળશ્રી છબી ઓર; મેરો મન. ૩ આસ
પાસ રત્નાગર સાગર, ગોમતીજી કરેછે કલોલ; મે. ૪
ધજા પતાકા બહુ ફરૂકે, ઝાલર કરત ઝક ઝોરા;મેરો મ
ન. ૫ સબ ભક્તનકે ભાગ્યહી પ્રગટે નામ ધર્યો રણ-
છોડ મેરો મન. ૬ જે કોઇ તેરો નામ સુનઆવે, પાવે
જુગલ કીશોર; મેરો મન. ૭ મીરાંબાઇ કહે પ્રભુ ગી-
રધર નાગર, કર ગ્રહયો નંદકીશોર; મેરો મન. ૮

પદ ૨ રાગ કલ્યાણ—રાધે પ્યારી દે ડારોને બંશી
મોરી ટેક. કાયસેં બજાવું રાધે કાયસેં મે ગાવું; કાય
સેં ગાઉ લાવું ઘેરીરે;રાધે ૧ કરસે બજાવો કાંના મુખ-
સે રે ગાવો, જેસ્ટીકાસે ગઉ લાવો ઘેરીરે; રાધે પ્યારી.
૨ જાબંશીમાં સબજુગ મોહે, શો બંશી ગઈ ચોરીરે;
રાધે પ્યારી. ૩ ચંદ્ર સખી ભજબાલ કૃષ્ન છબી, કરૂ

વીનતી કરજોડીરે; રાધે પ્યારી. ૪ પદ ૩

રાસમાંની સાખીયો સાખી—મોર મુગટ શીર પર ધર્યો, મુખ મોરલી ધનઘોર; બંદ્રા બનથી કુંજમે, જે જે જુગલ કીશોર. ૧ બંદ્રાબન સો બન નહીં, નંદ ગામસે ગામ; બંશી બટસે બટ નહીં ક્ષ્ન નાનસે નામ. ૨ મોર મુગટ કડી કંચની, ઓર બોરાજત બન માલા, એ બાલક મેરે-હૃદયે બેસો પ્રીયા સદા બીહારીલાલ. ૩ રાગ રાસના—આવે આવે શ્રીનંદાજીનો લાલ, લટકે આવેરે; હરીયે વાયો વેણ રસાળ, મન મારે ભાવેરે. ટેક. આણી આણી શેરડીએ ફુલડાં વેરાવુ, ચાલી ચતુર વર આવે બેઉ ગુણવંતા મારે મંદીર પધાર્યા, પ્રેમે બોલાવે લટકે આવોરે. ૧ મીઠુંને હસવુ મોહનજી તમારે, તે મારા રૂદીયામાં ભાવેરે; લાજ તજીને ઉર લપાટાવું જો, મારૂ ચાલે લટકે આવોરે. ૨ જેવી તેવી ભોટમ દીજે મારા વાલા તેવી શોભા તમનેરે; હું વીઠલને વાહાલી લાગુ, એટલો લાભ મને લટકે આવોરે. ૩ ઘણુંરે બીરાજો મારા જુગના જીવણ, દીન થઇને હું તો જાચુરે; લોકલડીઆમાં કેહેવાયુરે, તે કરજો સાચુ લટકે આવેરે. ૪ આંગણીએરે પ્રભુ હમારારે આગળ નીત્ય પ્રત્યે દેજ્યો દેખારે; મેહેતા રામક્ષ્નની ભાગ્ય

તણીરે, કુમકુમની રેખા લટકે આવેરે. પદ ૧ રાગરાજ્ય

લાગ્યો લાગ્યો નવરંગી નેહ, લખ્યો મારા હઇડામાં;
મારે પુર્વ જનમનોરે સ્નેહ, લખ્યો મારા હઇડામાં.ટેક.
જોરે દહાડાના નથી જાણતા, મને લાલચ લાગે નેણરે;
આંગણીયે આવીને બેસતારે, એવાં મીઠાં મધુરા વેણ
લખ્યાં મારા હઇડામા. ૧ કાલંદ્રીને કાંઠડેરે, નાહાતાં
નીરમળ નીરરે; આળકરી અલબેલડેરે. વહાલે ચોરયાં
અમારાં ચીર. લખ્યો૦ ૨ અમેરે ગોરાંને હરી શામળા
રે, મારે જોવા સરખી જોડરે; કુંજ સદનમાં કહાનજીરે
પુરે મારા મનડાના કોડ લખ્યો૦ ૩ વાહો વજાડે વાં-
સળીરે, ગોપીયો ગાવે ગીતરે; વીસારયાં કેમ વીસરેરે
મારે પુરવ જનમની પ્રીત; લખ્યો. ૪ રાધાને પેહેરણુ
પટોલડીને, મોહન મુસ્તક ખુપરે; રૂમઝુમ કરતા મારે
મંદીર પધારે, મહેતા રામકૃશ્નના સ્વરૂપ. લખ્યો૦ ૫

પદ ૨ રાગ રામ—મારે દીવાળી થઇ આજ હરી મુખ
જોવાને, સઉ સરીયાં સેવકનાં કાજ ભવ દુઃખ ખોવા-
ને. ટેક. આજ દીવાળી મેં અજવાળી હરી જોયા મેં
ન્યાળીરે; સુંદીર મુખ જોવાને કાજે આખલડલી અણી-
યાળી. હરી૦ ૧ પાએ લાગીને વરમાળ પેહેરી ગળે
ગુંજાનો હારરે; પગ લગી પીતાંબર પેહેરયુ શોભાનો

નહી પાર. હરી૦ ૨ રત્ન જડીત્ર સોનાની થાળી માંહી ભરચો કપુરરે; આરતી ઉતારૂ મારા પ્રાણજીવનની ર-વી ઉગમતે સુર. હરી૦ ૩ આજે સોનાના સુરજ ઉગીયાને દુધડે વરસ્યા મેહરે; રામકૃષ્નના પ્રભુની સંગે રમતાં નીત નીત નવલો નેહ. હરી૦ ૪ પદ રાગ મારૂના સાખીઓ. સાખી–મારૂ તારા દેશમાં, દીઠાં ત્રણ રતન; એક મારૂ બીજો ઢોલીયો, ત્રીજો કસુંબા રંગ. ૧ મારૂ મુસ્તક બેડીલાં, પગ દાઝે પંથ દુર; એક ના આવ્યો મેહુલો, મારી નદીએ ના આવ્યાં પુર. ૨ મારૂ જેસી પતલી, જેસી ખાંડા ધાર; સેજ પલંગપરથી લથડી દુકલા હુઆ દોચાર ૩ મારૂ નાહી ગંગાજળ, છુટા કેશ સુકાય; ચંદન કેરે છોડવે, બાળો નાગ ઓળંબાખાય. ૪ મારૂ તારા દેશમા, ખાવા ખાંડ ખજુર; એક દુખમાં રે અળખામણુ,મારે ઇધર પાણી દુર. પરાગ મારૂ–મો હ્યુરે લટકે મારૂ મન મોહ્યુંરે લટકે;ગાતર ભંગ કીધાં ગીરધારી જેમરે મારયો ઝટકે. મારૂ૦ ૧ વેણ વગાડીવા-હાલે મારે વનમાં રંગ તણે કટકે. મારૂ૦ ૨ મેન મારૂ મોરીડેરે અટકયુ પેલે પીતાંબર પટકે.મારૂ૦ ૩ નરસઇના સ્વામીની સંગે રમતાં રસ વાઘ્યો ચટકે. મારૂ૦ ૪

પદ ૧ રાગ મારૂ–કેહેવાદેને કાન તારી માને કેહે-

વા દેરે કાન વાંહાણાની વઢવાઢ વઢોછો આથમાવ આ
બ્યો ભાણુ તારી. ૧ બીહીવરાવે તેતો બીજી નારી
ખરૂ લોહુને આરસપહાણ તારી. વ્રંદ્રાવનને મારગ
જાતાં તારી કોણે શુઢાડીતી જાન તારી. ૩ મીરાં બાઇ
કહે પ્રભુ ગીરધર નાગર જશોદાને કરૂ જાણ તારી.૪ ૫
દર રાગ મારૂ—કામણગારોરે કાના તું તો કામણગારોમને
કાંઇ કાંઇ કામણ કીધાં કાના. ૧ મારી સાસુડી સંતાપે
રે પેલી નણદી ઓળંબા આપે કાના. ૨ મને ભોજની
યાં ન ભાવેરે મને નિંદ્રા તે કેઇ પેર આવે કાના તું તો.
૨ મને પગની ભરાવી આંટીરે મુને મુખ તંબોળે છાં-
ટી કાના. હું તો પુરણ પદને પામીરે, મને મલ્યો નરસ-
ઇયાનો સ્વામી કાહાના. ૫ પદ ૩ રાગ મારૂ—કુમકુમને
પગલે પધારો રાજ કુમને કુમને પગલે; મસમસતા મો-
હનજી પધારયા ડગમગતે ડગલે પધારો રાજ. ૧ મુસ્તક
પાઘ પીતાંબર શોહીએ; લીલા બંબર રગને પધારો.
૨ મુખ ઉપર શ્રમ જળનારે મોતી જોતાં મન હરીલો
પધારો. ૩ સાકર કેરા કરા પડકા છે આ ગણીએ સઘ-
ળે પધારો. ૪ દુધઢે મેહ વુઠયો નરસયા રસ વાઠ્યો ઢ-
ગલે પધારો રાજ ૫ પદ ૪ રાગ કાલરો—ભુતળ ભકતી
પદારથ મોટું બ્રાહ્મલોકમાં નહીંરે;પુન્મકરા અમરાપુરી

પામ્યા અંતે ચોરાશી માંહીરે. ભુતળ. ૧ હરીનાજન
તેતો મુક્તિ ન માગે માગે જનમો જનમ અવતારરે;
નિત્ય સેવે નિત્ય કીરતન ઓછવ; નીરખવા નંદ કુ-
મારરે ભુતળ ભક્તિ. ૨ ભરતખંડ ભુતળમાં જનમી
જેણે ગોવીંદના ગુણ ગાયારે, ધન ધનરે એની માત
પીતાની સફળ કરી એની કાયારે. ભુતળ. ૩ ધન વંદ્રા-
વન ધન એ લીલા ધન એ વ્રજના વાસીરે; અષ્ટમા
સીધી આંગણીયેરે ઊભી; મુક્તી છે એમની દાસીરે;
ભુતળ. ૪ એ રસનો સ્વાદ શંકર જાણે કૈ એક જાણે
શુક જોગી રે કૈ એક જાણે વ્રજનીરે ગોપી; રસ માણે
નરસઇયો ભોગીરે; ભુતળ ભક્તી. ૫ પદ. ૧ રાગ કા-
લેરો—વઇશણવ જન તો તેનેરે કહીયે જે પીડ પરાઇ
જાણેરે પર દુઃખે ઉપકાર કરે છે તો. મન અભિમાન ન
આણેરે. વૈશ્નવ ૧ સકળ લોકમાં સૌને વંદે, નિંદા તે
ન કરે કેનીરે; વાચ્ય કાછ મન નિશ્ચળ રાખે તો, ધન્ય
ધન્ય જનની તેનીરે. વૈશ્નવ ૨ સમદ્રષ્ટી અને ત્રષ્ણા
ત્યાગી, પરસ્ત્રિ જેને માતરે; જીહ્વાથી અસત્ય નવ
બોલે, તો પરધન નવ ઝાલે હાથરે. વૈશ્નવ. ૩ મોહ મા-
યા વ્યાપે નહીં તેને, દ્રઢ વૈરાગ જેના મનમાંરે; રામ
નામશું તાળીરે લાગી, સકળ તિરથ તના તનમાંરે
વૈશ્નવ. ૪ વણ લોભી ને કપટ રહત છે, કામ ક્રોધ નિ-

વારયારે; ભણે નરસઇયો તેનું દરશન કરતાં, કુળ ઈ-
કોતેર તારયાંરે. વૈશ્નવ જન. ૫

પદ રાગ કાલેરો—પ્રાણ થકીરે મને વૈશ્નવ વહાલા રાત દિવસ રૂદે ભાવુરે તપ તિરથ વૈકુંઠ પદ મુકી, મારા વૈશ્નવ હોય ત્યાં આવુંરે. પ્રાણ૦ ૧ અમરિશ રાજા મને અતિ ઘણા વાહાલા, દુરવાસાએ માન ભંગ કીધું રે; મેં મારૂં અભિમાન તજીને, ચક્ર સુદર્શન વાળી લીધુંરે. પ્રાણ૦ ૨ ગજને માટે હું તો પાળો પળિયો, હરિજનની સુધ લેવારે; ઉંચ ને નિચ હું તો કાંઇ ન જાણું, મને ભજે તે મુજ જેવારે પ્રાણ૦ ૩ લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસીરે; અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટી ગંગાને કોટી કાશીરે, પ્રાણ૦ ૪ સંત ચાલે ત્યાં હું આગળ ચાલું ને સંત સુવે ત્યાં હું જાગુંરે; જે મારા સંતની નિંદા કરે છે, તેનાં કુળ સહીત હું ભાગુંરે. પ્રાણ૦ ૫ મારા બાંધ્યા વૈશ્નવ છોડે વૈશ્નવે બાંધ્યા મેં ન છુટેરે; એકવાર વૈશ્નવે મને બાંધે તો, તે બંધન મેં ન તુટેરે. પ્રાણ૦ ૬ બેશીને ગાય ત્યાં હું ઉભો ઉભો સાંભળુ, ઉભો ગાય ત્યાં હું નાચુંરે; હું તો વૈશ્નવથી ક્ષણું નહી અળગો, ભણે નરસઇયો સાચું રે. પ્રાણ થકી મને વૈશ્નવ૦ ૭ પદ ૩

રાગ કાલેરો—આજ અમે ગયાતાં રામ સભામાં, પોસ લીએ રસ લીધોરે પીતાં રે પીતાં રે હું તો પુરણ ધરાણી, મારા ગુરૂજીએ પ્યાલો દીધોરે.૧ આજ પેહેલો પ્યાલો મારે રોમ રોમ વ્યાપો, બીજે પ્યાલે થઇ ઘેલીરે; ત્રીજે પ્યાલે મારી શુદ્ધબુધ ભુલી, હું તો ઢળી પડી પીતાં પેહેલીરે. આજ૦ ૨ કહીએ છીએ પણ કહ્યું નવ માને, જેને વિતિ હોય તે જાણેરે; મુઇ જીવી જોવાને કાજે. હું તો ઠરીને બેઠી ઠેકાણેરે, આજ અમે. ૩ જોતાં શું રે અમે જઇને ભરાણાં, વળતાં નવ વળાયરે; સુનાંરે મંદીરમાં સ્વાનજ પેઠું,એના મન ભાવે તેમ ખાયરે, આજ૦ ૪ રામ સભામાં જે કોઇ આવે, કરે તીરથ ઘરબારીરે. ભુત નાથ ચરણે ભણેરે અખઇઓ, મારા પ્રભુની ભક્તિ પ્યારીરે આજ અમે. ૫

પદ ૪ રાગ સોરઠની સાખીયો સાખી—સોરઠ સુડાના સરજીયો, ન ચઢયો ગઢગીરનાર; ન નાહાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર. ૧ શોરઠ સિંહલ દેશની, જાત તણી પરમાર, બેટીતો રાજા ઉમની.; તેને પણ્યા રાય ખેંગાર.૨ સોરઠ સીંહવદ્વિપની, તપશીરે ઉભો દ્વારા;ભીક્ષારે દયે રાણી સોરઠી, મારો સંઘ ચાલ્યો કેદાર. ૩ સોરઠ રાગ સોહામણો, મુખસે મુકયો કુ

મ જાય; જેમ જેમ ભાગે રાતડી, તેમ તેમ મીઠેરો થાય, ૪ હંસ ગતી મ્રગ લોચની, સજ્યા સોળ શણગાર, રાધા તોરાને નમે, અલી વશકીનો કીરતાર ૫ સોરઠ વાસી દુવારકાં, દેખીરે ઉત્તમદેશ; મથુરામાં હરી જનમીયા, વાહાલે વાસ્યો સોરઠ દેશ. ૬ સોરઠ પાકયો આંબલો, સુડલો રહયો લોભાઇ; ચંચેતો પસારિ પીઆક રે, રાજરંગ ભીન્યો કયાં જઇ ૭ સોરઠ દેશ સોહામણો, સુજને જોયાના કોડ; રત્નાગર સાગર ધુધવે, ત્યાંતો રાજ કરે રણછોડ. ૮ રાગ સોરઠ—મને કાંનજી જોયાના કોડ, સઇયર ચાલોને; ઉમીયાજીને લાગુ પાય, હરીવર આલોને, ટેક. દેહરે દેહરે દીવા કરૂંરે, પુજુ શંકર દેવ; શામળીયો વર પામવાનો, હું તો કરૂ તમારી શેવ, સુઇયર ૧ ચંદન ભરી તલાવડીરે, મોતિડે બાંધી પાળ; કાનજી ધુવે રૂડાં ધોતીયાંરે, રાણી રાધા પાનીડાંની હાર. સઇયર. ૨ સાસુ તમારી જસોમતીરે, સાસરો શ્રી નંદલાલ; કંથ કોડીલો મારો કાનજીરે, મારૂ સાસરૂ ગોકુળ ગામ. સઇયર. ૩ જેરે ગાયશીખેને જે સાંભળેરે, હરી રાધાનો રાસ; તે નર વઇકુંઠ પામશેરે, ગુણ ગાએ નરસઇનો દાસ. સઇયર. ૩

પદ ૧ રાગ સોરઠ—મારો પેંડો તે પરઘેર જાય સ-

ખી શું કરીએરે; કેમ એકલડાં રેહેવાય વીજોગે મરી એરે. ટેક. રૂપ જોઉતો રશીઓ વાહાલો, પ્રાણની જોડે પ્રીત; અણતેડો આગણીયેરે આવે, હરે વાલા એવી તેની રીત, સખી શું કહીયેરે. ૧ બોલાવ્યો બોલે નહીરે કોને કહીયે વેણ; સેરડીયેરે સામો મળે; વાહાલો નીચાં તે ઢાળે નેણ; સખી શું કરીએરે ૨ છળભેદમાં છાનો ફરેરે, અમને તે વાયદા વાય;રાજેનો સ્વામી પ્રભુ અંતરજામી,વાલો અરથ પડે ઓળખાય, સખી શું કરીયેરે. ૩ પદ રાગ સોરઠ—મેંતો જાણી તમારી ટવ જાવોજી જાણ્યારે; કોણ બોલે તમારી સંગ, પરઘેર માણ્યારે; ટેક, પરનારીસું પ્રીતડીકે કીધી ઠામો ઠામ; અહીંઆં આવીને શું કરેરે, જેનો ઘેર ઘેર હોય વીશ્રામ જાવોજી. ૧ વાટ જોવંત રૂજની વીતી, આવ્યા ઉગમ તે શુર; કામણગારા કાનજીરે, વાહાલા અમને વીશાર્યાં દુર જાવોજી ૨ કોને મંદીરે કહાનજીરે, કીધી લીલા લહેર; રાજેનો સ્વામી પ્રભુ અંતર જામી,કોણ જાણે તમારી પેર જાવોજી. ૩ પદ ૩ રાગ સોરઠ—મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આવોરે; હુતો વલસુ તમારે કાજ, હસીને બોલાવોરે; ટેક. મેહેર કરોજો માવજીરે, આનંદ અંગ ન માય; વાટ રહીશું જોઇનેરે;

મારૂ જોતામાં જોબન જાય, મારે ઘેર. ૧ વીલમ ન કર શો વીઠલારે; અમ ઘેર આવો આજ, પેર પેરનાં પકવાન કરાવું, ત્રીકમ તમારે કાજ. મારે ઘેર. ૨ આજોને આંગણીયે ઉભા,રંગીલા રરણછોડ;રાજેનો સ્વામી પ્રભુ અંતરજામી, પુરે મારા મનડાના કોડ. મારે ઘેર. ૭

પદ ૪ રાગ સોરઠ—હરી ઉભા છે જાુમના તિર, વજાડે વાંસલડી; ગોપી બેઠી છે મંદીર માંહે,ભેદી મારી પાંસલડી. વ્યાકુળ થઇ વ્રીજ વીનતારે,ભુલી ઘરનાં કામ; અવળાં તે આભ્રણ પહેરીયાં,સખી મેલે ન સુંદર શામ, વજાડે વાંસલડી. ૧ જળ જાુમનાને કાંઠડે, ઘરીયા સોળ સણગાર; કાનુડો કપટી લઇ ગયો,લેઇ ચઢયો કદમને ઝાડ. વજાડે. ૨ વસ્ત્ર દીજે વીઠલારે, અમે અબળા નાર; કર જોડી ઉભી રહેરે, વાલા આપોને સોળ સણગાર. વજાડે, ૩ પુરણાનંદ પુરશોતમ બોલ્યા, સાંભળો સખી વ્રજનાર; વસ્ત્ર આવીને લીજીએરે. તમે નાકળો જાુમનાં બહાર. વજાડે. ૪ ગોપીઓ આવી ચરણે નમેરે, આપો સોળ શણગાર; રામદાસ પ્રભુ આતમારે, વહાલો ગોપી જનની પાસ. વજાડે. ૫ પદ.

૫ રાગ શોરઠની સાખી—સોરઠ રાધા વનજે, શ્રી વંદ્રાવનચંદ; ભજન કરો ઉરમાં ધરો, આજ સખી આનંદ

૧ સરવે પર સુખ શામનું, સમરણ કરવું સોય; આવો અવસર નહીં મળે, મન વીચારી જોય. ૨ સોમ સરસ અતી ઉગીયો; તસ્પત રાખ્યાં તંન; અમરત સિચ્યું સરવને ફળયાં વેલી ને વંન. ૩ જોતાં જગ્યા અરણુવની રમવા કીધું મન;હરીયે હેતે વિચારીયું,રાસ રસ્તકનું ધ્યાન ૪ રાગ સોરઠ—શ્રી વંદ્રાવનમાં શામ સનેહી શોભેરે; અલબેલો કોટીક કામ, જોઇ મન લોભેરે ટેક. ફુલને પવીત્ર શોહામણું, માંહે ઉભા આનંદ કંદ; હંસ સુતાકી તીર હરીરે,સખી શ્રી બંદ્રાબંદ ચંદ સનેહી ૧ મોર મુગટ સોહામણોરે,કુંડળ ઝળકે કાન;ભાલ તીલક સોહામણુ રે, છો ભજતા ભીને વાન. સનેહી. ૨ નાકે વેસર નોતમ દીસે, અધુર અનોપમ સાર; વેજન્તી માળા ધરીરે, ઉરઉપર મુગતા હાર. સનેહી,૩ પીતાંબરની પલવટ વાળી, કર મોરલી ધરે કાન; દાસ નાનાને આવીયુ રે, એ રાસ રમ્યાનું ધ્યાન. સનેહી.૪

પદ ૧ સાખી—નિગમશ્રૃતીનો નાથજી, સંભારીને નેહ; હળવે હશીયા શ્રીહરી, સ્યામે કર્યો સ્નેહ. ૧ રાગ સોરઠ—મોરલીમાં મોહનલાલ, હર્યાં મન હેતેરે; વાહાલે વાઇ વેણુ રસાળ, હર્યાં મન હેતેરે, ટેક. ત્રણ ગ્રામ સ્વર સપ્ત ભરીરે, તાનમાન બંધાંન; ટીપે સોરઠ

રાગણીરે, કરી સુંદર શોમ સુજાણ. હરયૌ મન હેતેરે. ૧ સાંભળતાં સહુ વીનતારે, વ્યાકુળ થઈ વન ધામ; કામ કાજ ભુલી ગઈરે, નવ રહ્યું દેહનું ભાન. હર્યૌ મન હેતેરે, અવળાં આભ્રણ પેહેરીયાં રે, અવળાં અંબર અંગ; લાજ તજીને લાગીયોરે, એરંગીલાનો રંગ હર્યૌ મન. ૩ શ્રાવણની સરીતા સખીરે, જેમ સાહર શામશું હેત; દાસ નાહાનો કેહે આવીયાંરે, તમે સરવે કરી સંકેત. હર્યૌ મન. ૪ પદ ૨ સાખી—વ્રંદાવનમાં વનીતા, આવી આનંદ અંગ; શામશરોજ મન જેનુરે, ભામની ભાવક ભ્રંગ. ૧ અનંત અલબેલા તણું, જોતાં જુવંતી જન; કરત કરત થઇ કામની, માને મનમાંધન. ૨ રાગ સોરઠ—જે ગોપી રાખી ઘેર, સાંભળ સાહેલીરે; તેને પતીયે કરી બહુ પેર, આવી સહુ પેહેલીરે. ટેક. કૃશ્નસ્વરતી થઇરે, ઘરમાં છાંડયા પ્રાણ; તેડી લીધી તેહનેરે. જીવણ જાણ સુજાણ સાભળ સાહેલીરે. ૧ પુરણ બ્રહ્મ છબીલોરે. પામી પ્રેમ કારણ એ; મનસા વાચા કરમણારે, થઇ રહ્યા દેહ વદેહ. સાંભળ સાહેલીરે. ૨ કૃશ્ન કામની એક સીપ થઇરે, અબળા આનંદ કંદ; આવતાં ઉભાં રહ્યાંરે, વ્રજવીનતા કેરાં વ્રંદ, સાંભળ સાહેલીરે. ૩ બંસીવટ ના ચોકમાંરે, જુવંતી રહી છે

જોઇ; દાસ નાહાનાના સ્વામીજી ઉપર; માન તજીને મોહી. સાંભળ સાહેલીરે. ૪ પદ ૩ સાખી પરીક્ષક કહે શુકદેવને, સાંભળો સ્વામી જુગત; કૃશ્ન વરેહે થઇ કામની, તે કેમ પામી મુગત. ૧ બ્રહ્મદ્વારે ભેદી નહીં, ભજીઆ કામે કહાન; સ્વામી સંદેહ ભાગીયો, કહ્યુ માગી માન. રાગ સોરઠ—શુકદેવ કહે સુણ રાય, સમજ સમજાવું રે; તારા મનજો સંદેહ જાય, સમજ સમજાવું રે. ટેક. સ્વરૂપમાં સમાવીયો, દ્વેશી હતો શીશુપાળ, મારવા આવ્યોન મુક્ત આપી, એવા દીન દયાળ સમજ સમજાવું રે. ૧ કામ કરોધે કહેજોરે, કૃશ્ન કૃશ્ન કપે નામ ઉદ્ધાર તેહનો એ કરેરે, વાહાલો આનંદી અભીરામ સમજ સમજાવું રે ૨ વેર કરંતા તે ન રહ્યાં રે, એવી એની રીત; ગોપી તો ભાતે ભજેરે; જુઓ અંતર કેવી પ્રીત સમજ સમજાવું રે. ૩ વૃંદાવનમાં આવીયારે, મુકીધર પરીવાર; દાસ નાહાનના શામળારે, જુઓ જુવતી નંદ કુમાર. સમજ સમજાવું રે. ૪ પદ ૪ સાખી નંદકુવરને નીરખતાં નારીને અતિનેહ; હળવે હશીયા શ્રીહરી, સ્યામે કર્યો સ્નેહ. ૧ આવ્યા છે આનંદમાં, પુછે જાણ સુજાણ; ગોપી ગોકુળ ગામમાં, સૌને છે કલ્યાણ ર રાગ સોરઠ—જુવંતીનો જોવા પાર, વચન

કેહે વાહાલોરે; ભલે આવીયાં સહુ વ્રજનાર, વચન કહે વાલોરે. ટેક—કારણશું કહે કામનીરે, આ વનમાં મધરાત; મેહેલી સરવ પરીવારનેરે, કેમ આવ્યાં તે કહો વાત. વચન કહે વાલોરે. ૧—ભોવન જોવા આવીયાંરે,જોયું હવે ઘર જાઓ; સ્વામીની શેવા કરોરે લ્યો પતીવ્રતાનો લ્હાવ વચન કહે વાલોરે. ૨ કાળો કુચ્છિત રોગી ઘરડો, રૂપ નહીને રેખ; એવો પતી પોતાતણોરે. ભજવો દેવ વીવેક વચન કહે વાલોરે. ૩ ધરમ વીચારીજો જુવોતો, માનો અમારી વાત; નાહા-નાના સ્વામી કે વિદાય થાઓ, ગોપી ઢીલેગાત્ર. વ-ચન કહેવાલોરે. ૪ પદ ૫ સાખી—ગાત્રભંગ થઇ ગઇ, ગોપી સઘળે શોચ; કરવા લાગી કામની મુખ કરામણ કોય. ૧ આનંદ ભાગ્યો અંગનો, આવતા તે રક્ષ; નઇણે નીર વહી ગયાંરે, જેમ જડ ઉભી વક્ષ, ૨ રાગ સોરઠ—થઇ ગોપી સહુ સાવધાન,વદે છે વાણી-રે, દેહ દરસન અધર કરે પાન. વદે છે વાણીરે. ટેક. આખળા આંસુ લોહીને, જોઇરે વાહાલાનુરે વદંન; રી-સ કરીને બોલીયાંરે, થયાં ગદગદ પુલકીત તંન વદે છે વાણીરે. ૧ પ્રેમદા કહે છે પુછીએરે, તમને આવી ધરમ; ઉપદેશ તો તાહરો કર્યોરે, રાખો શરણાંગતની

શરમ. વદેછે વાણીરે. ૨ તમારે કાજે અમેરે, મેહેલ્યાં સરવ પરીવાર; સરવેના સ્વામીરે છો તમો, એમ વેદ કહેછે ચાર, વદે છે વાણીરે. ૩ આશા અમારી પુરીએ રે, જીવણ જાણ સુજાણ, નાહાના સ્વામી ઘેર પાછા વળતાં પડશે પ્રાણ વદેછે વાણીરે. ૪

પદ ૬ સાખી વચન સુણી વીનતા તણાં, રીજ્યા દીન દયાલ; પ્રીત પાણીએ હોલવી અબળા કેરી ઝાળ ૧ પાછાં તેડયાં પ્રીતશું, કરવા હાસ વીલાસ; આનંદ વાધ્યો અંગ સરવને, રમવા માંડયો રાસ. ૨

રાગ સોરઠ—રમે રાસ બિહારી લાલ, મનોહર માંહીરે; વિનતાને વાધ્યું વહાલ, રહી મુખ જોઈરે ટેક. આલીંગન એક એકનેરે, આપે આનંદ કંદ; સંતોખ્યા સહુ સાંભળેરે, વ્રજ વિનતા કેરા વરંદ. મનોહર માંહિરે. ૧ કંઠે હાથ હેતે ધરેરે, ઉર ઉપજે આનંદ; અધૂર પાન પરેમે કરેરે, સખિ શ્રીવંદ્રાવને ચંદ. મનોહર માંહીરે. ૨ રૂપ ધર્યા રશીએ ઘણાંરે, એક એક પરત્યે એક; સામાન્ય રાખે સરવનેરે, જુઓ વહાલાનોરે વીવેક. મનોહર માંહીરે. ૩ રમત રમે બહુ ભાતનારે, ગોપી ગૌર કદમ; દાસ નાહાનો કહે આવીયોરે, એ અલબેલા ને આશ્રમ. મનોહર માંહીરે. ૪

પદ ૭ રાગ સોરઠ દેસી ફેર—મોહ્યા મોહ્યા મુનીવર રાયરે, ગોરી તારે તાજુડે; રૂપ સ્વરૂપ કળ્યું નવ જાય, મેં તો જાણી છે ઇશ્વરી માયારે, ગોરી તારે તાજુડે. ૧ રૂમઝુમ રૂમઝુમ નેપુર બાજે, પાલવડે ચીર અતિ ચાંપેરે; ઘુંઘટ મુખ એણીપેરે શોભે,મોટા મુનીજનના મને કાંપેરે. ગોરી તારે તાજુડે. ૨ ગોરૂ શું વદનને ગળ સ્થળ ઝબકે. ઉપર દામણી લળકેરે; સાળુડે કોરમાનુ એણીપેર શોભે, જાણે ગગનમાં વીજળી ચમકેરે. ગોરી તારે તાજુડે.૩ વસીકરણ વેથ તમે કયાંરે ગુંથાવી. સુંદર સણગડ વાણીરે;આ ચોળી તમે કયાં સીવડાવી તેને મોહી છે વ્રજની નારીરે, ગોરી તારે તાજુડે. ૪ ચંચળ દ્રષ્ટે ચોદેશ ન્યાળે, માંહી મદનનો ચાળોરે; નરશાઇયાનો સ્વામી જોવા સરીખડો કોઇ સુંદરીનું વદનનાહાળોરે, ગોરી તારે તાજુડે. ૫

પદ ૧ રાગ શોરઠ—હરી આવ્યા છે નારીના વેષેરે, એને કોઈ જુવોરે; શીવ બ્રહ્મા જેનું ધ્યાન ધરે છે, તેને જોઇ જોઈ દુખડાં ખુવોરે, એને કોઇ જુવોરે. ટેક. બંધવ એનો તતક્ષણ ઉઠયો, આવ્યો મંદિર જાણિરે; રતન બાઇ ઘણું વ્યાકુળ ફરે છે, તમે લ્યોને મેહેતા જળ પાણારે.એને કોઇ જુવોરે.૨ પરમેશ્વરે પુત્રી કરી જાણી

રાભા મધ્યે આણીરે; અંતરધ્યાન થયા અલબેલો, વાત સહુકોએ જાણીરે. એને કોઇ જુવોરે. ૩ જેજેકાર થયો જુગમાંહિ. હરખ વાધ્યો છે હઇએરે; નર શૈયાનો સ્વામી ભલે મળિયો, એના ચરણ કમળ ચિત્ત લઈએરે. એને કોઇ જુવોરે. ૪

પદ ૨ રાગ સોરઠ—આસો ચતુરાના ચિત્તનો ચાળોરે, એને કોઇ ન્યાળોરે; બ્રહ્માએતો નથી ઘડી ભામની, એતો આપે બનિને આવીરે, ત્રણલોકનું તેજ તારૂણી, એતો છબી છબીલે બનાવિરે, એને કોઇ ન્યાળોરે. ૧ ઘડયું ઘરેણુ એનેરે હાથે, ભરિ છે ચોળીરે, સાળુડે ભાત નારી કુંજરની, કસુંબાના રંગમાં બોળિરે એને કોઇ ન્યાળોરે. ૨ વાસ પુર્યો એણે વંદ્રાવનમાં ગોવરધન થકી આવેરે; એ નારીની જાત કોઇ જાણે, તેનો ફેરો ફાવેરે, એને કોઇ ન્યાળોરે. ૩ કહીએ છીએ પણ કહ્યું નવ માને, એતો નારી નહીં ગીરધારીરે; બ્રહ્મા ઇંદ્ર શેશ શારદા, એના ચરણ તણા અધીકારીરે. એને કોઇ. ૪ અંતર હેત પોતાનું જાણી, એતો આવે છે અંતરજામીરિ; વિભિચાર મુકી જુવો વિચારિ, એતો નરશાઇયાનો સ્વામીરે એને કોઈ ન્યાળોરે. ૫

રાગ સોરઠ—તારા દલડાની વાતો મેં જાણીરે, ગી-

રધર દાણીરે; આણી સેરડીએ લુંબોને ઝુંબો, પેલી દેખે છે સઇઅર સમાણીરે. ગીરધર દાણીરે. ૧ સૌ સખીઓમાં વાહાલા સરખુંરે જાણી, ના ગણે દુધ કે પાણીરે; છેલ છબીલા મુકી દ્યો ને છબીલા. એમે કહીશું નંદાજીની રાણીરે ગીરધર દાણીરે, ૨ વંદ્રાવનને મારગ જાતાં, મારી નવરંગ ચુંદડી તાણીરે;નરસઆના સ્વામી સંગે રમતાં, મારિ અંતર પ્રીત લપટાણીરે ગીરધર દાણીરે. ૩

પદ ૪ રાગ સોરઠ—મને રોકે છે કાનવરદાણીરે, નહી જાઉ પાણીરે; એક વાર જુમનાં પાણીરે; ગયાંતાં વાહાલા, મારિ સાથે સઇઅર સમાણીરે,નહિં જાઉં પાણીરે ૧ વંદ્રાવનને મારગ જાતાં, મારિ નવરંગ ચુંદડી તાણીરે, જોરે પાણી મોકલવાંરે હોયતો, સાથે મોકલો સઇયર સમાણીરે. નહીં જાઊં પાણીરે. ૨ મરકલડે મારાં મન હરી લીધાં, હુંતો લાલચમાં લપટાણીરે; નરસઇશાના સ્વામીની સંગે રમતાં, હુંતો મોહન સંગમાં માણીરે. નહિ જાઉં પાણીરે. ૩

પદ ૫ રાગ સોરઠ—પેલો કાનુડો તે કામણ ગાળો, સઇયર મોરીરે; ટેક. ઘણાંરે ઘણાંરે હુંતો વાનાંરે કરતી, નરહર પર ઘેર જાતોરે; રૂડુંરે દેખે વાહાલો ત્યાં-

હાંરે પધારે, હું તો હિંડું વન વન જોતીરે, સઇયર. ૧ સગાંરે કુટુંબ સાથે નથી રૂડું, પેલાં લોકીક કહે સરવે સારૂરે; તારે કાજે હું તો એમ થઇ ચાલું, મારા વાલાજીને કર વાહાલુંરે, સઇઅર મોરિરે. ૨ મારા દુદિયા સરસો ચાંપીને રાખું, મીઠડામાં ગીરધારીરે; સ્વામી ગોવીંદાના જનમ સનેહી, તમે કહેજોને વિવેક વિચારીરે. સઇઅર મોરીરે. ૩

પદ ૬ રાગ સોરઠ—મારૂં વંદ્રાવન છે રૂડું રે વઇકુંઠ નહીં આવું; નહિં આવું નંદાજીના લાલરે વૈકુંઠ નહીં આવું. ટેક. બેસીને રહેવું ને ટગટગરે જોવું નહીં ખાવું નહીં પીવુરે; વૈમાન મોકલોતો મોકલો વેહેલું, હું આવીશ સઉના પેહલુંરે, વઇકુંઠ નહીં આવુંરે. ૧ બ્રહ્માના લોક તો છે અતી કુડા, વાશી વ્રજના રૂડારે; વૈઇકુંઠ નહીં આવું, ૨ જે વીજે બે પોળીઆ હતા, તેને તતક્ષણ મેહેલ્યા કાહાડીરે નરસઇયાનો સ્વામી અંતરજામી, તમે સાંભળોને સારંગ પ્રાણીરે. વઇકુંઠ નહીં આવું, ૩

પદ ૭ રાગ સોરઠ—સખી વંદ્રાવન મોઝાર, વાહાલે વાઈ વાંસળી; એનો શબ્દ ગયો ત્રણ લોક, ગગનમા સંચરી. ટેક. શબ્દ ગયો ત્રણ લોકમાંરે, એવો એનો

સાદ; બ્રહ્મા માહેશ્વર ગોહી રહ્યારે, એવો સુણી મધુરો નાદ, વાહાલે વાઇ વાંસળી. ૧ નવ લક્ષતારા સ્થંભીયારે, થંભ્યો રવીને ચંદ; નવશેં નવાણું નંદીઓરે થંભી, વાહાલા સ્થંભ્યા તે સાતે સમુદ્ર. વાહાલે વાઇ વાંસળી. ૨ ડુંગર પરવત ડોલીયારે, ડોલ્યાં તે વનનાં વ્રક્ષ; વજનારી વ્યાકુળ થઇર, એને હઇડે તે વાધ્યો હરષ. વાહાલે વાઇ વાંસળી. ૩ સનમુખ આવી સુંદરીરે, ઉભા રહ્યા છે નાથ; કેવળના સ્વામી શામળારે, મુજ અબળાનો ઝાલો હાથ. વાહાલે૦ ૪

પદ ૮ રાગ સોરઠ—દેશી ફેર,કયમ કરીમ ભરીએ આછાં નીરરે, જુમનાને આરે;કાંઠડે ઉભા ગીરધર લાલરે, ગોપીના વાહાલા. ટેક. સોના રૂપાનો મારો ઘાટ ઘડુલો વાહાલા, ઉઢાણીએ રત્ન જડાવરે ગોપીના વાહાલા. ૧ એકવાર જુમનાં પાણીરે ગયાંતાં વાહાલા સાથે સહીયરોની હારરે ગોપીના વાહાલા. ૨ સાસુ ધુતારી મોરી નણદી ઠગારી વાહાલા, નાનો દીયરીયો દેસે ગાળરે ગોપીના વાહાલા.૩ એક એક મોતી મારૂ લાખ સવાયુ વાહાલા, પરોયું છે તે સોના કેરે તારરે ગોપીના વાહાલા. વળગા જુમી તમે ન કરોને સ્વામી મારો તુટશે નવસર હારરે ગોપીના વાહાલા. ૫ તાંણો

માં તાંણ્યો મારો હાર તુટે વાહાલા,મોતીડાં વેરાયાં મા-ણેક ચોકરે ગોપીના વાહાલા.૬ માથે મટુકી હુંતો વન વન ફરતી વાહાલા, દેખે મારા મહીઅરીઆનાં લોકરે; ગોપીના વાહાલા. ૭ મુળદાસ કહે પ્રભુ મોહન મળી-યા વાહાલા, પુર્યા મારા મનડાના કોડરે, ગોપીના વાહાલા. ૮

પદ ૯ રાગ સોરઠ—સોકલડીનુ સાલ મારે મોટુંં.
ઓ બાઇરે ઘરમાં સોકલડીનું સાલ મારે મોટું;અરરર હવેતો જીવ્યાનુ મારે ખોટું, ઓ બાઇરે ઘરમાં સોક-લડીનું સાલ મારે મોટું. ૧ સાસુ ધુતારિ મોરી નણદી ઠગારી વાલા, દીઅરીઆને મેણલે મરીશું; ઓ બા-ઇરે. ૨ કુવે પાણી જઇશું અમે, ગળે ફાંસો ખાઇશું વાહાલા;જુમનાંમાં જઇને પડીશું,ઓ બાઇરે, ઘરમાં.૩ વીખડાં ઘોળી અમો ઝેરજ પીશું વાહાલા, કેડે કટારી ખાઇને મરીશું;ઓ બાઇએ ઘરમાં. ૪ બાઈ મીરાં કહે પ્રભુ ગીરીધરના ગરવાલા ચરણ મલ ચીત્ત લઇશું; ઓ બાઇરે ઘરમાં સોકલડીનું સાલ મારે મોટું. ૫

પદ ૧૦ રાગ સોરઠ—મોરી સહીરોરે આજ મેંતો કાંહાંન દીઠો, એ છેલ છબીલોને છોગાળોરે, રૂપાળો મુખડાનો મીઠોરે; આજ મેંતો. ૧ અવર પુરૂષને હું રે

વખોડતી; મને ન ગમે તે કોઇનું ગાનરે; નયણ નીરખ્યાશ્રી નાથજીને, મારૂ ઊતરી ગયું અભીમાનરે, આજ મેંતો. ૨ સુજની તું કહેતી તે સરવે સાચું, મારે દીઠા વીના નવ રેહેવાયરે; હીમાનો ઠાકોર શ્રી નંદાનંદનો વાલો, વેણ મધુરી વાયરે. આજ મેંતો. ૩

પદ ૧૧ રાગ સોરઠ—આજોને કોઇ ઉભી રહે આળસ મોડે, બાંયે બાજુબંધ બેરખા પોંચી; મનડું મોહ્યું છે એને મોઢે, આજોને૦ ૧ ઝાંઝર ઝમકે ને વીછવા ઠમકેરે, હીંડે છે વાંકે અંબોડે; આજોને૦ ૨ શોવરણ ઝારીને અતિરે સમારીરે, માંહેનીર ગંગોદક તોલે; આ જોને કોઇ. ૪ નરસૈયાને પાણીરે પાવા, હરજી પધાર્યા કોડે; આ જોને કોઇ ઉભી રહે આળસ મોડે. ૪

પદ ૧૨ રાગ કાફી ગરબી—આજ કોણરે મારે આંગણીરે, શ્રી નંદ લાલરે મારે આંગણીયે; રંગની રેલરે મારે આંગણીયેં, લીલાલેહેરરે મારે આંગણીયે. ટેક. ઘણે દહાડે ઘેર આવ્યા, નહીંરે જવા દેઊં; આવેલાને છોજી રહો આણીવાર; મારે આગણીરે. ૧ જસોદાનો જાયો વાહાલો વજ વીનતાનો હળધરજીનોરે એતો ભ્રાત; મારે આગણીયે, ૨ શીવ સનકાદીક ઓર બ્રહ્માદીક મુનીવર, લહેરે હો એનો પાર, મારે આંગણી

એ. ૩ નરશઇયાના સ્વામીની સંગે રમતાં, ઓળખ્યા છે જીરે હો, શ્રી નંદલાલ મારે આંગણીએ. ૪

પદ ૧ રાગ વેરાડીની સાખીઓ—સખી વેરાડી મારે એક વેર થયું, શ્રી વંદ્રાવન મોઝાર રાસ રમતા ગરવ આવ્યો, હરી તજી ગયા તેણીવાર. ૧ પરેમદા પરેમે વ્યાકુળ થઇ, નવ દીઠા જદુવીર; શામા સહુ ટોળે મળી, આવી શ્રી જમુના તીર. ૨ નયણે જળ ધારા વહે. રૂદન કરે તેણીવાર; વજ નારી વીઠલવીના પામી દુઃખ અપાર. ૩

પદ ૨ રાગ વેરાડી—નવા નંદ ગામના ગોવાળીયા; માંહે નંદકુંવર સરદાર; સહુ આવ્યા સાંકડી પોળમાં ત્યાં રોકી રાખ્યા નાર; નવા નંદ. કાંહાન ગોવાળાને એમ કહ્યું, એને સહુ મળી લે સંકેત; માંહેથી જવા ન પામે જુવતી, એતો ફરીફરી દગો દેત, નવા નંદ. ૨ મારી હાર તોડી નાંખું નારના ફોડું મહીડા કેરૂ માટ; માડે ઘણા દાહાડાની દાઝે છે. આપણી ઓળંગે વાટ, નવા નંદ. ૩ દાણ ચોરી કરીને ઘર ભર્યું, આજ ભલી આવી છે હાથ; રંગનાથના સ્વામીને કેહેવાને, સહુ ભરી લઇશું સંગાથ. નવાનંદ. ૪

પદ ૧ રાગ વેરાડી—માહારો મારગ મેહેલોને માવ

જી, તમે જવાદો જદુનાથ; માટ મહિડાનુ ભારે થયું, મારો જાય સઇયરનો સાથ. મારો મારગ. ૧ કેમ રોકી રહ્યાછો કાહાનજી, કાંઇ શુ કરવું છે કામ;મારો પાલવ મેહેલો પાતળા, અળગા રહો સુંદર શામ; મારો મારગર. દાણ દાધનું જાણ્યું નથી,નવું નહિ થાય આજ, પરનારિને નવ રોકીએ, કપરૂછે કંસનું રાજ મારો મારગ,૩ ગેડી ગોવાળે ઉંચી કરી,ત્યારે જોડયા ગોપકાએ હાથ; રૂગનાથ સ્વામી શામળા, મારૂ જાણે જગનાથ, મારો મારગ. ૪

પદ ૨ રાગ વેરાડી—તને જવા નહિં દેઉ જુવંતી, દાણ લીધા વિના આજ; શાને વાત કરે વઢવાતણી, મુને વેહેવારમાં શી લાજ તુને જાવા. ૧ ગોપી ત્યાં હરખીં વારવારપીઉં, લાવો લાવો કરે તે કોક;રાજ કંસ રાયનું કેટલું, મારો અમલછે ચઉદ લોક. તુને જાવા, ૨ તુ અજાણી થઇ ગોપકા, મારૂ નવ દીધું તેં દાણ; ચાર જુગમાં નંદરાયનું, દાણ ગોરસનું પરમાણ. તુને ૩ મેં ઘણી ઘણી દીઠી ગોવાલણી, ઠગ તુજ સરખી નહી કોય; રૂગનાથના પ્રભુને છેતરી, કેવી જાયછે આજ જોયે, તુને જાવા. ૪

પદ ૩ રાગ વેરાડી—અલ્યા વેગળો રહે વરણાગી-

યા. મેં જોયું તારૂં જોર, કંસ સારૂં નાશી આવીયા;
થઇ રહયો નંદકીસોર.અલ્યા વેગળો રહે વરણાગીયા
૧ આશા અભિમાને બોલવુ,કાંહાન કીજે નહી મોટાઇ
ફુલ અજાણ્યા આગળ હાંકીએ, વાહાલા હુ નહીં જાઉં
વારી, અલ્યા. ૨ વાત જવાદેને દાણની, પીઓ તો
ગોરસ પાઉં, તમે નવરાછો નંદલાલજી,હુ મારગ ખો-
ટી થાઉં અલ્યા. ૩ મહિ મીઠાં બોલો તો મળે, વા-
હાલા વઢવાની શીવાત, રૂગનાથના સ્વામી શામળા,
મળીશું માનમ રાત. અલ્યા, ૪

પદ ૪ રાગ વેરાડી—રોચ રઢીયાળા રણછોડજી.

રંગભીને તે સુંદર શામ;દેશદ્વારીકાંથી આવીઆ ભલે
વસીયા તે ડાકોર ગામ. રાય રટીયાળા. તમે ભક્ત
વછલ છો નાથજી, દેવડીયા ગોપાળના ભુપ; સોવરણ
સવાવાલથી ઓછા કરયા, એવા આનંદી ઘનરૂપ.રાય
૨ કોને વ્યાપીકનું વજન કર્યું, એતો બ્રહ્મરૂપી ભગ-
વાન; એની વાત ના જાએ વરણવી; કમળાપતી નંદ
કહાન. રાય, ૩ આ જગા જે હરી ગુજરાતમાં, પોંચે
વજે નંદનું પુન્ય; રૂગનાથનો સ્વામી શામળો; જુગ
જુગ હો જુગજીવન; રાય રઢીયાળા રણછોડજી. ૪

પદ ૫ રાગ વેરાઠી—મીઠી મોરલી શ્રવણે સુણી.

સુણી મોહ પામ્યા સહુ માન; મોહ્યા મુની સુરી નર સ્વર્ગથી, વળી વસંત ફુલ્યા વન મીઠી મોરલી શ્રવણે સુણો ૧ વેહેતિ જમુના રહી ગઈ રાગમાં, તહનું થંભ્યું નીરમળ નીર; કામધેનું તરણ ચરે નહીં.વાછરૂં ન પીયે ખીર;મીઠી, ૨ ઘણી ગગનમાં ગરજના થઇ થંભ્યો શશીઅર ભેદયો ભાળ; રહ્યું તારામંડળ મોહીને, મોહ્યા પવન રહ્યા પરીમાણ. મીઠી ૩ ઘણું ગાન સુણો ગોપાળનું. એને વીભળ થઇ વ્રજ નાર, એક ભડકીને ઉઠી ભામની ધેર્તિ શોળ શણગાર. મીઠી, ૪ અવળી વેણા ઓળે તે વિનતા, નારી નીરખીને જોતી નુર, નેત્રે તે સીંદુર સારીયું, સેંથે કાજળ ભર પુર. મીઠી. ૫ ધરૂં કરનું કંકણ કાનમાં, કાનની કડી કરમાંય; આંગળીયો દીસે ઓપતી,કામની નથી લેતી કાંય. મીઠી, ૬ ચેણુમાળા બાધી ચુપમાં, કેશરી લંક સોભે સાર; પગે નેપુર બાજુબંધમા, કંઠે ઝાંઝરનો ઝમકાર, મીઠી. ૭ મહાજોબનવંતી જોબની, રશીઆસુ લાગી રાડ; નાકે વેસર ભુલા નેહમાં, અડધી બનાવી આડ. મીઠી. ૮ વળી ચીર અવળાં ઓઢીઆં, ઓઢયું મસ્તક ઉપર પ્રમાણ; નારી નારલજ થઇને નીસરી, રડવડતી ચાલી જાણ. મીઠી.૯ એક ભોજન

દેતી ભામની, રહ્યો ભીક્ષુક ઉભો દ્વાર; તેના મોં આ-
ળ જઇ સુકીયું, ભુલી પોતનો ભરથાર. મીઠી ૧૦
એક ઘૌરે દોવંતી ગોપકા, ભુલી દોહેણી તે તતકાળ;
વળી વાછરૂં ગયાં વીસરી. તાંણી બાંધ્યું પોતાનું બા-
ળ. મીઠી. ૧૧ એક મંદીરમાં હતી માનુની, તેને ઉ-
પજ્યું કઉતક એક; પોતે પાળી વધારી પ્રીતશું, શા-
ક નાંખ્યું શેરીમાંધ્ય. મીઠી. ૧૨ એક બાળકને બોલાવ
તી, પૈસે કરાવતી પેપાના એક સુંદર સેજ શમારતી,
એમ નાસરી ધરતિ ધ્યાન. મીઠી. ૧૩ એવી કૌતક
વારતા ત્યાંહા થઇ; થાય દરશન જાએ દુઃખ વૃજ ના-
રી જોવા નીસરી, મન મોહનજીનું મુખ. મીઠી. ૧૪
ટળવળાત આવી તારૂણી. દીઠા નાગર નંદકુમાર;રણ-
છોડના સ્વામીએ શું કહ્યું, તેહને તુરત કર્યો તુછકાર
મીઠી મોરલી શ્રવણુ સુણી. ૧૫

પદ ૬ રાગ વેરાડિ—મનમોહન કહે સુણો માનુનિ,
તમો અહીં આવ્યા કોણ કાજ; તમે નિરલજ થઈને
 નસરયાં લોપિ માતપિતાની લાજ. મનમોહન. ૧
તમે એકલડાં વન આવિયાં; વારૂં એ શું કરયું વિ-
પરીત; નિશાએ ગમન કરીએ નહીં, એ છે રૂડા કુળની
રત. મનમોહન. ૨ તમો જાઓ અબળા અહીં થાક,

તમને કોણ લાગી કરમ ગત્ય; પણ વાંક તમારો શો તિનતા, પામિયે છે પરમત. મનમોહન. ૩ મને અચ-રજ લાગે છે એ ઘણું, છો અબળાનો અવતાર; તમે અણ તેડયાં શું આવિયાં, તજી પોતાનો ભરથાર, મનમોહન. ૪ વળિ પેઉ તમારો પુછસે, ત્યાં શો ઉતર દેસો આજ; પ્રમદાનું પ્રાક્રમ જોઇને, મુખ બીડી હસ્યા માહારાજ મનમોહન. ૫ કોઇ કંથ તજીને કામ-ની, વળી આચરસે કામ; વેદ વાચક બોલે વિનતા, તેને ત્રીલોકમાં નહી ઠામ, મનમોહન, ૬ માટે કુળ મુ-રજાદા ન મુકીએ, એ છે અબળાનો અધીકાર; ઘેરે અડસઠ તીરથ ઉપજે, ભાવે જો પુજીએ ભરથાર, મ-નમોહન. ૭ એવિ કઉતક વારતા ત્યાં કરી મેરયા અ-ણશોભીત શણગાર, ધીક ધીક જીવિત તમ તણું, લ-જીવી નથી લાજવી નાર, મનમોહન, ૮ એવાં કઠણ વચન કહ્યાં કાહાનજી, લાગ્યો અબળાને અંગોઅંગ; રણછોડના સ્વામિ એ શું કહ્યું ભામની થઇ ગાતર ભંગ. મનમોહન. ૯

પદ ૭ સામેરિની સાખીયા૦સામેરી સાહ્યર ઉલટ-યો, રત્ન તણાયાં જાય; કરમ વિના ભરે મુઠડી સંખલ હાથ ભરાય. ૧ સામેરી ઉંચો ગઢ દ્વારીકાં, જાદવ છ-

પન્ન કરોડ; ચોદેશ રત્નગર ધુણવે. ત્યાં રાજ કરે રજો-
ડ, ૨ સામેરિ સોનાં સાટવે, ઉભી માણેકચોક, હું તુને
પુછું મારે શુળી ભલી કે શોક. ૩ શોકથી મારે શુળી
ભલી, હઇડે પાડે છેહ; શોકય તણે બોલડે, મારી ક્ષણુ
ક્ષણું દાઝે દેહ. ૪

રાગ સામેરી૦હરિ ન મલે ત્યારે વિલંબ નવ કિ-
જીએરે, સમરણ કરીએ શ્વાસો શ્વાસ; કાયાનો ભરૂશોરે
કાંઇ કરવો નહીરે, એક પળમાં પામે નાશ હરીનામ ૧
જગત વહેવારરે વળે તિરથ તણોરે, જે જેમ આવ્યું
મે તેમ જાય; રાખ્યું નથી રહેતું કોઇકની વતિરે,તેનો
શોક કરે શું થાય હરીનામ, ૩ સ્વારથ સુધીરે સહુ
વળગી રહ્યુંરે, અંતે કામ નહી આવ કાય ઉદાશી
તું રેહેજેરે આ સંસારથીરે. જેમ મધુચંપક રહે વન-
માય, હરિ. ૩ આજકાલ માંહીરે, ઉઠીને ચાલવુંરે, ત-
નધન ધામ તજી નીરધાર, એવુંને વીચારીરે ચીત્તમાં
ચેતજોરે. પ્રીતમ પ્રભુ ભજ ધારંવાર. હરી. ૪

પદ ૧ શામેરી–પુરનેને પુન્યેરે પામ્યો આ દેહડીરે
હરી જન વિનારે એલે જાય; પાસેથી વટાયોરે કાંઇ
રળ્યો નથીરે, તેને ધન્ય કયાંથી ટોળે થાય પુરવેને. ૧
ખાનપાનમાં ખોઇ સહુ સમદારે જ્યાં ક્ષધી સુકીત હ

તુરે પાસા; જોગને ઠરતોરે, રોગ વાપ્યો ઘણોરે કરોધ કરે તેમ તપનો નાશ. પુરવેને.૨ માન ગુમાનરે જ્ઞાન નો રેહે નહીરે, નહી મદપાને લાજ લગારા; લોભને ક-રતાંરે ધરમ રહે નહીરે, ના રહે કસંગે વિવેક વિચાર, પુરવેતે ૩ સતસંગ કરિરે સાંસો ટાળજોરે, કરિ નહી આયેરે આવો જોગ, પ્રીતમ પ્રેમેરે રસ પાઇને પીજીએ રે; ટળી જાય જનમ મરણુ ભયરોમ. પુરવેને પુન્યેરે.૪

પદ ૨ રાગ સામેરી—ફરી ફરી મુનશારે દેહ મળ-વા નથીરે. બીજા અનેક ધરશો અવતાર; નરતન જુ-ગતેરે જગતમાં છે નહીરે; જેમ કોઇ ચેળ ફળે એકવાર ફરી ફરી, ૧ કંકર પથ્થરરે બહુ વિધી ખોળતાંરે કાંઇ-ક હીરલો આવેરે હાથ; કુંદન થવાનીરે કાંઇ મલે ઔષધીરે, બીજા રોખ ીયાં વેન સાથ,હરી. ૨ સો હાથે દ્દોરીરે. મેલે જો કુથમાંરે; બે આંગળથી આરે બહાર એણીને રીતેરે જાણ તન તાહરૂરે, પછી આવેરે ભવનો પાર ફરી ફરી. ૪ ભમતાને ભમતાંરે ભાગ્યેશું મળ્યું રે, ભવજળ તરવા કેરૂં નાવ; પ્રીતમ વીચારીરે રૂદી-યામાં રાખજોરે, હરી ગુરૂચરણે ભકિત ભાવ. ફરા. ૪

પદ ૩ રાગ સામેરી—પીયાણાને પોંચ્યાંરે તેડાં તત-ભર થયાંરે; હવે અમે વળશું અમારે દેશ, પ્રણામને

કહેજોરે જે કોઇ અમને ઓળખેરે, જેને હોય ભકિત તણો ઉપદેશ પીયાણાને ૧ રણવાને આવ્યાં ત્યાં રે સઇયર સાસરેરે, રમીયાં જમીયાં ગમીયાં સંસાર, વેહેરે નથી વાસ્યાંરે સહુ સાથે વહાલ છેરે, દેરાણી જેઠાણી નરને નાર. પીયાણાને. ૨ મહા સુખ પામીરે,સઈયર હુંતો સાસરેરે. પામી મારા સતગુરૂનો પ્રતાપ; ભવ ભય ભાગ્યોરે, નામ નીરભે થયુંરે,ટળી વયો ત્રોવીવી તનનો તાપ પીયાણાને સખી કેને કહીયેરે સંવત અઢારમાંરે, વરસતો ચોસઠો નીરધાર; આસોને ઉત્તારતાંરે કારતક બેસતાંરે, તીથી કહીએ પડવેને શનીવાર પીયાણાને. ૪ છ ઘડી દહાડો ચઢતાંરે વૈમાન આવશેરે હળીમળી કરીને બેસશું ચાંય; અમારેતો જાવુંરે પેહેવડાને પોહોરગાંરે, જે વેળા અનકુટ ઓછવ થાય પીયાણાને. ૫ સગાંને સંબંધીરે સઉ મળી ચાલશેરે, તો તે પછી પામશો વઇકુંઠ વાસ; પ્રીત કરીનેરે પ્રીછવુંરે હરખથી ગાય છે હીમો દાસ પીયાણાને. ૬

પદ ૪ રાગ કેદારીની સાખીઓ—સાખી કેદારો જબ કીજીએ, આધીરેની હોય; હરીજન હોયસો હરી ભજે મુરખ રેહેવે સોય. ૨ કેદારો જબ કીજીએ, મુખપર જપીએ રામ; સરવ રાગનો દેવતા કેદારો ભગ-

વાન. ૨ કેદારે કુંકણ લવે, મોરલવે મહલાર; સોરઠ તો સુડો લવે, હરિજન લેવે કો પાર, ૩ કેદારો અમઘેર પરૂણલા, પુરવા મનના કોડ; ધન ધન નાગર નરસૈયો જેને ઘેર પધાર્યો રણછોડ. ૪ કેદારો અમઘેર પરૂણલા શાં શાં ભોજન કરેશ; ખીર ખાંડ ઘરત રોટલી, આંબા રસ ઘોળેશ. ૫

રાગ કેદારો—શામળીયા તોરે શરણેહી, આવ્યો તાહારી આશરે; લખરે ચોરાશી હું તો, ભમી આવ્યો દુખ પામીને ત્રાશરે. શામળીઆ. ૧ કામ ક્રોધ લોભ મોહ મદ અચ્છર, ષટશત્રુનો કરી નાશરે; આશા તણ્ણા ઓર કલ્પના માયાની લારો પાસરે, શામળીયા ૨ માત તાત સુત બંધુને દાર, સગા સહોદર સારરે; અંત સમે કોઇ કામ ન આવે. માંથે જમનો મારરે; શામળીયા. ૩ પાપ પુન્ય દો સંગ ચલેગા, કરો સતસંગ અભ્યાસરે; દાસ રાજા કહે હરીને ભજીલ્યો, ચરણ કમળમાં વાસરે. શામળીયા. ૪

પદ ૧ રાગ કેદારો—આવોરે અલબેલા વાલા; મોહન મારા રસિયારે, આવડીને વારો કયાંરે લગાડી, કોને તે મંદીરવશીયારે; આવોરે. ૧ તમન ટેવ પડી પર ઘરનીરે; હવે તે શી પેર કરીએરે; સંસારમાં કાંઇ સાર

ન દીઠો, કેને તે જોઇ ઠરીએરે; આવોરે. ૨ આજ પછી હરી એવું ન કરીએ, લોક અસારત થાસેરે; નરસઇ-યાના સ્વામી હમને તજશે, બીરદ તમારૂ જાશેરે આવોરે. ૩

પદ ૨ રાગ કેદારો—તું મારે ચાંદલીએ ચોટયો; સારી મુરત શામળિયો; ક્ષણું એક વાહાલા અળગા ન થાસો, પ્રાણુ જીવન વર પાતળિયો, તું મારે. ૧ ખ-ડકી એ જોઉં ત્યારે અડકીન ઉભો, બારીએ જોઉં ત્યાં બેઠોરે; શેરીએ જોઉં ત્યારે શનમુખ આવે, વાહાલો અમર તપે અતિ મીઠોરે.તુમારે. ૨ જમતાં જોઉં ત્યારે જોડે બેઠો, સુતો જોઉં ત્યારે સેજડીએ, વ્રંદ્રાવનને મારગ જાતાં, આવીને વળગ્યો બેતડીએ, તુમારે. ૩ પ્રીત કરે તેની કેડ ન મેલ્લે, રસ આપે અતી રસિયોરે; નરસૈંઆનો સ્વામી ભલે મળીરે; મારા -હૃદયા કમળમાં વશીઓરે; તું મારે.

પદ ૩ રાગ કેદારો—ખમરે ખમરે ચાંદલાંમાં કરીશ વહાણલું મારા પ્રાણજીવન ઘેર આવ્યારે, પુરવે જન-મની પ્રીતરે જે હતી પુરષોત્તમ પધાર્યારે;ખંમ ખંમરે. ૧ પેલા ભવનો વાલમીઓરે;ચઉદ ભુવનનો સ્વામીરે, જનમ કોટી કોટી તપ કીધાં, ત્યારે વીઠલ વર પામીરે;

ખંમ ખંમરે. ૨ બપઇયા પેઉ પેઉ કરે; કોયલ મધુરે ભાસેરે, હું તને વારૂ કુકલડારે. રખે વાહાણલું પ્રકાશેરે ખંમ ખંમરે. ૩ ચંદ્ર વિંટયો ગોવાલણીએ હંસાગવની હેલીરે; ખંમ ખંમરે. ૪ સાહર સોહીએ લેહેરે લેહેરે; જેસી લેહેર તારંગીરે, નરસૈયાનો સ્વામી ભલે મળીયો ગોપીવર ગોવીંદ; ખંમરે ખંમરે. ૫

પદ ૪ રાગ કેદારો—રણછોડજી રણછોડજી મારે; શામળિયા શું લેહેણુરે, જમ રાજાનું જોર ન ચાલે; મારે ભાગ્યું ભવનું મેહેણુંરે; રણછોડજી રણછોડજી. ૧ વાંચ્યા કાગળ વાહાલે વારી નાંખ્યા, હુંડી વાળી પાછીરે; સરખા સરખું જોયું મારે વાહાલે બંધન નાંખ્યા કાપીરે;રણછોડજી. ૨ મારા ઠાકોર શ્રી દામોદરજી જુગતે જાણે નહીં જાચુરે, નરસૈંયાનો સ્વામી શામળિયો, આપ્યુ નાણું સાચુરે, રછોડજી. ૩

પદ ૫ રાગ કેદારો—આવો મારા લાલ ગુલાલીઆરે; ઠાકોર કેસરે રંગ રસ ભીનારે, જો કોઇ તમને પ્રેમે બોલાવે,તે તમારે મન તેનારે;આવો ૧ ચાંપી ચોળીને રંગ ભેર રોળી, કેની સંગે રમીયાં હોળીરે; જુવંતી જુથ સબ ચાલી આવે; કોણ ભાંમની મળી ભોળીરે.

૨ સવારે વસંત તમારે મારા વાલા,તમે વસંતના વાં-કારે; ગૌ ગોપી ગોવરના મંડળી, ઉડીત અબીલ ગુ-લાલરે. આવો મારા. ૩ એ સુખ જોઇ મારા હઇડામાં હરખું દરશન દેજો દહાડી દહાડીરે;રણછોડ પ્રેમ સખી પ્રિયા પીતમ, આંખ્યો થઇ મારી ટહાડીરે,આવો મારા

પદ ૬ રાગ પંથીડાની સાખીઓ—સેજ ઉજળી ફુલ ઉજળે. ઉજળે ચંદા રેહેન,શામ શલુણા મેરે પી-ઉ બીના, ઉજડ ભયે દો નેન. ૧ પિયા પિયા કરતીમેં પીલા ભઇ. લોક કહે પંડરોગ; છાંનિ લાંઘણ મેં કરૂં, મેરે પિયા મિલન સંજોગ. ૨ મેં પ્યાસી મેરે પિઉકી જલમેં બેઠે નહાય; શિરપર પાણિ ફીરવલે, મેરે પિયા બીના પાસ ન જાય. ૩ જો મેં એસો જાણતી,પ્રીત કરે રૂઃખ હોય નગર હંડેરો ફેરવું એસી પ્રીત કરે નહીં કોય. ૪ પ્રીત જાંસુ કીજીએ, જાંમેગુન બતિસ ભિડ પડિ હોય આપણે, આખર દેવે શિશ. ૫ પ્રીત જાસુ કીજીએ, જેસે ટંકણ ખાર; આપ ઝલે પર રીઝવે ભાગ્યાં સાંધે હાડ. ૬ વાહાલા શું વઢિએ નહીં, ચુકી નંદીજે ગાળ; થોઢે થોડે પિત છાડીએ, જેમ સરોવર છાડે પાળ. ૭ રાસ મંડળ ગિરધર રચ્યો, રાધાજીકે કંથ વ્યાકુળ ભઇ સબ સુંદરી, ઢુંડન લાગી પંથ.

રાગ પંથિડો—પાંથડાને ન્યાળતીરે હો, જોતી હું-તો પીતાંબર પગલાં; મધ્ય નિસાંસ મેરે હો ભરતી હુંતો લડ સડતી ડગલાં. ૧ સ્યામા સ્યામનેરે હો. હીંડું હુંતો મારગડે જોતી, નેણે મારે નીર ઝરેરે હો; ચત્રા ચીરવડે લોહાતી. ૨ ચોદ્દેશ ન્યાળતીરે હો, જાણે હુંતો વન ચરતી હરણી, સુધ બુધ વીસરી હોરે, પ્રભુ મારા એ તાહારી કરણી, ૩ ગોપી સઉ ટોળે મળીરે હો, મનડામાં કીધોરે એક વીચાર; ચાલો સૈયરો ત્યાં જઇએરે હો, જ્યાં હોય નાગર નંદ કુમાર. ૪ જઇને પુછ્યું મદુનેરે હો, દીઠા કોઇ નાગર નંદકીશોર, આણે આણે મારગડેરે હો; આવ્યાં અમે લક્ષ ચોરાશી વાર. ૫ ભુલી ભુલી ત્યાં ગઇરે હો, જ્યાંહાં શ્રી જુમનાંજીની તીર, વાહાલો અહીંઆં બેસતારે હો, જમતા કરમલડોને કુર. ૬ વાહાલો વાતા વાસળીરે હો, વાહાલાજી શું પુરવ જનમનિ પ્રીત; લેખણ કર ગ્રહીરે હો; અક્ષર લખવા નંદ કુંમાર; અક્ષર હુંતો કેમ લખુરે હો; બાઇરે મારે નઇણ વહે જળ ધાર;જોબન મેંતો જાળવ્યુંરે હો, જાણ્યું મારા ભુદરાને ભેટ ક્લીશ; જો હરી નહી મળેરે હો બાઇ મારા પાપી પ્રાણ તજીશ. ૮ જ્યારે એશું પ્રીત કરીરે હો, મનડામાં હતીરે મોટી આશા;

નરસૈયાનો સ્વામી મળ્યોરે હો, વાહાલે મારે ફરી રમાડયાંરે રાસ રજનીતો કુ ધીરે ખટ માસ ૯

પદ ૧ રાગ સોહણી–મિઠડાબોલા નાથરે, આવો મારાં મીઠડા બોલા નાથરે. એક ઘડી એકાંતે આવો તો કહું મારાં મનડા કેરી વાતરે. આવોને મારા મીઠડા બોલા નાથરે ટેક. ૧ આજ આનંદ મારે અતિ ઘણો, વાહાલે પ્રેમે સહાયો માહારો હાથ તરીયા તોરણ મારા દ્વારે બંધાવું, મંગળ ગવરાવું સારી રાતરે; આવોને. વૃંદ્રાવનની કુંજગલનમાં, સહુ સખીયોની સાથ નરસૈયાના સ્વામી સંગે રમતાં; હુવો પરભાતરે, આવોને. ૩

પદ ૧ રાગ–સામગ્રી હું શું જાણું જે વાહાલે મારે મુજમાં શું દીઠું, વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું હું શું જાણું જે વાહાલે મુજમાં શું દીઠું. ટેક. હુ વઢું તરછોડુ તોયે રીસ ન લાવે, કાંઇ કાંઇ મીશે મારે ઘેર આવી બોલાવે, હું શું.જાણું ૧ હું જાઉ જળ જમુનાં ત્યાંહાં પુઠે પુઠે આવે, વગર બોલાવે મારૂ બેડલું ચડાવે, હું શું. ૨ મને દુર થકી દેખી વાહાલો દોડયો આવે ડોટે, પોતાનિ માળા કાહાડીને પેહેરાવે કોટે હું શું. ૩ એકલડી દેખી ત્યાંહાં મુને પાવલેરે

લાગે; રંક થઇ દીન થઇ કાંઇ મારી પાસે માગે હું શું ૪ મુજને જ્યાં જાતી જાણે ત્યાં આડો આવી ઢુકે, દયાનો પ્રીતમ મારી કેડ ન મુકે; હું શું. ૫

પદ ૧ રાગ સામગી રાધે તુજ પ્યારીને બીજું અવર ન કોઇ; જેને જગત મોહ્યું તે તુને રહયો મોહી; રાધે તુજ પિયારીને, ૧ ગોકુળની ગોપી સઉ એને પુંઠે ભમે છે, રાધા તારા વાહાલાને તારી ગાળો ગમે છે, રાધે. ૨ વ્રજમાં સરવેને નાક ઘસાવે છે, રાધા તારો વાહાલો ઘેર અણ તેડયો આવે છે રાધ ૩ હું પણ જાણું જે એનું મળવું તે કયાંથી, ક્ષણું એક અળગો ન થાય તારે ત્યાંથી, રાધા ૪ તેં વશ કીધો દયાનો પ્રીતમજી, હું શું જાણું જે તેં તો રાધે તુજ પિયારીને બીજું અવરન કોઇ. ૫

પદ ૨ રાગ કાફી—કાનુડો કામણગારોરે, સાહેલી આતો ટેક. કાનુડો કામણ ગાળો રસ ભર્યાને રૂપાળો; રંગ આશો આંખલડીનો ચાળોરે. સાહેલી આતો ૧ રંગ રાતો મદ માતો વાંસળીમાં ગીત ગાતો, નઇણાસું કરે છે વાતોરે સાહેલી આતો. ૨ જળ જમુના ગઇતી પાણી, પ્રેમ પીડા ભરી આણી ઘેલી થઇ હું આવી છાનીરે સાહેલી આતો. ૩ તેં કહ્યું તે મેં ન માન્યુ, આ-

જ મારી જાતે આણ્યું; આવડું મેં નોતું જાણુરે, સાહેલી આતો. ૪ બેહેની તારે પાયે લાગું વાહાલા વીના ઘેલું લાગ્યું, દયાનો પિતમ માગુરે, સાહેલી આતો. ૫

પદ ૧ રાગ પંચમ પ્રભાત જાગોરે જસોદાના જીવણ વાહાણલાં વાહાયાં. તમારે ઓશીકે મારાં ચીર ચંપાયાં, જાગોરે. ટેક. ૧ પાસુરે મરડોતો વાલા, ચીર લેઉરે તાણી, સરખી સમાણી સઇયરો સાથે, જાવું છે પાણી જાગોરે. ૨ પંખીડાં બોલેરે વહાલા રજની રહી થોડી. સેજલડીથી ઉઠો વાહાલા આળસડાં માંડી. ૩ સાદડી પાડું તો વાહાલા, લોકડીયા જાગે, અંગુડા મરડું તો પગના ધુઘરા ગાજે. ૪ સાસુડી જાગેરે વેરણ નણદી જાગે; ઓ હલી પાડોયણને ઘેર વલોણું વાગે. ૫ જેને જેવો ભાવ હોય તેને, તેવુ થાયરે, નરસઇયાના સ્વામી વીના રખે વાહણલુ વાએ, ૬

પદ ૧ રાગ દેશી ચાલતી—જસોદાના જીવણ ઊભા જુમનાને તીરે, મોરલી વજાડે મોહન મધુરી ધીરે. ૧ પિતાંબરનો પલવટ વાળી ઉંર લેહેકે માળા, કાંન બીચ કુંડળ લટકે, દીસે રૂપાળા. ૨ પ્રભાતે ઉઠીને ગોપી, ગઉને હરાવે ઓ કાનુડાઆ કાનુડા, કહીને બોલાવે. ૩ આજ તો અમારો ઘેને દુધ થોડેરાં દીધાં, ર-

ખેરે શામળીએ વાહાલે દોહીને પીધાં. ૪ સાંભળરે સલુણી શામા વાતલડી મારી, તુજ સરખી સલક્ષણી છે ગાવલડી તારી. ૫ એવાં એવાં વચન સુણી ગોપી નરસઇના સ્વામી. ૬

પદ ૨ દેશી ચાલતિ ભોળીરે ભરવાડણ હરીને વેચવા ચાલી; સોળ સહસ્ત્ર ગોપીના વાહાલાને,મહુકીમાં ઘાલી. ૧ અનાથના નાથને વેચે, આહીરની નારી, શેરીએ શેરએ શાદ પાડે; લ્યો કોઇ મોરારી, ૨ મહુકી ઉતારી મહી મોરલી વાગી, વ્રજ નારીને સેજે જોતાં મુરછા લાગી. ૩ બ્રહ્માદીક ઇંદ્રાદીક સરખા કઉતક પેખે. ૪ ગોવાલણીના ભાગ્યે પ્રગટીયા અંતરજામી; દાસલડાને લાડ લડાવે; નરસઇયાના સ્વામી. ૫

પદ ૩ દેશી ચાલતી—વાહાલાને જોતારે મહારી ભુખલડી ભાગી, ઘરમાં રહીને શું કરૂં; મારી આંખલડી લાગી. ૧ શામળી સુરતેં મન, મોહી લીધું, કાંઈ શામળીએ વાલે કામણ કીધું. ૨ સંસારીનું સુખ હંતા તજીને બેઠી, મધુરી મુરતી મારે, પાંજરીએ પેઠી. ૩ સોનાની સાંકળીએ મુને બાંધીરે તાણી; મનડાની વાતોરે પેલે, મોહને જાણી. ૪ તુજ મુજ વચ્ચે વાહાલા

અંતર નથી;નરસઇયાના સ્વામીની લોકે કથની કથી.

પદ ૪ દેશી ચાલતી—આજનો માંડવડો મારો, મોગરડે છાયો; રાધાજીને સંગે વાહાલો, રમવાને આવ્યો. ૧ ગોફણીએ ઘુઘરડી ધમકે, રેશમની દોરી; શામળીઓ શામળા રંગે, રાધીકા ગોરી. ૨ દહી દુધને કરમલડો, માહી સાકર ઘોળી, મારા વાહાલાજી આરાગે, પીરસે ભમર ભોળી. ૩ સોળેને શણગાર સજ્યા સખી, ઓઢણ સાડી; શ્રી વંદ્રાવનમાં વીઠલ સાથે, રમત માંડી. ૪ અખંડ એવાતણ મારે એ વર રૂડો; નરશઇયાના સ્વામીએ મુજને, પહેરાવ્યો ચુડો. ૫

પદ ૫ દેશી ચાલતી મારરે આંગણીયે કોને, પંચમ ગાયો; ઘશામસ્યા આવીને વાહાલે, પાવલ સાહયો. ૧ પીતાંબર હાર, ગળે મુગટ સોભતો, મદરે ભરયોરે, પ્રભુ માનની મોહતો. ૨ વાંસલડી વાઇને વાહાઇને વાહાલે. મોહ પમાડી; પ્રેમે શું પાતળીયે વહાલે, રૂદીયાશું ભીડી. ૩ મંદીરયામાં આવી વાહાલે, માંડયો વીહાર; ભણે નરસઇયો પામી, પુરણ આધાર. ૪

પદ ૬ દેશી ચાલતી—ક્રશ્ન કૃશ્ન કૃશ્ન કરતાં ઉઠયો પ્રાણી, કૃશ્ન વીના જે બોલે તે મીથ્યારે વાણી. ૧ કૃશ્ન માતા કૃશ્ન પીતા. કૃશ્ન સહોદર ભાઈ અંતઃકાળે જવું

એકલાં ત્યારે કૃશ્નની સગાઈ. ૨ કૃશ્ન નામે ગુણકા તા-
રી અહલ્યા ઓધારી કૃશ્નજીના નામ ઉપર, જાઉં બલ-
હારી. ૩ કૃશ્ન કૃશ્ન કેહેતાં કૃશ્ન સરખારે થઇએ, ભણે
નરશઇયો કૃશ્ન કેહેતાં, વઇકુંઠે જઇએ. ૪

પદ ૭ દેશી ચાલતી—મહીડુરે મથવાને ઉઠયા,જ-
સોદા રાણી; વીશામો ખવરાવા ઉઠયા સારંગપ્રાણી.૧
રત્નાગર ભણેરે પ્રભુ મુજનાં રત્નાગર ઠાલો માલો કા-
લો ઘેલો સું કરશે મથી. ૨ મેરૂરે ભણેરે હું તો ચોદેશ
ગાઠો. હવેના રવઇયો કરશોકે; જાઉ રે નાઠો. ૩ વાસુ-
કી જાણેરે મારી; શી પેરે થાશે; હવેનું નેતરડુ કરશે
કે જીવડો જાશે. ૪ માહાદેવ જાણેરે મારી શી પેર થા-
શે; હવેનું હળાહળ વીખડુ, તે કેમ પીવાસે. ૫ દેવતા
જાણરે અમને, અમ્રીત પાશે; ભણેરે નરશઇયો ફુલની
વ્રષ્ટીઓ થાશે.

પદ ૮ દેશી ચાલતી—ઓપેલો ચાંદલીઓ,મા મને
રમવાને આલો; નક્ષત્ર વેણીને, મારે ગુંજલીયે ઘાલો,
૧ લોકને ઘેર નાંહાંનાં બાળક, ત્યાંહાં કયાંહાં આડોરે
થાએ; ચાદલીઓ આકાશ, વસે તે કેમ કરા અપાએ.
૨ રૂવેરે રૂવેરે, પેલો ચાંદ્દલીઓ જુવે, માતારે જશોદા
જશોદા હરીના આંસુડાં લુવે ૩ સોનાનુ પારણ્યુ મા-

રે, હિરની દોરી; ઘુમરડી ઘાલેરે માતા જશોદા ભોળી.
૪ થાળીમાં જળ જુમનાં ભરીયું, ચાંદલીઓ દાખ્યો
નરસઇયાના સ્વામીને કાંઇ રે.તેરે રાખ્યો. ૫

પદ ૯ રાગ વેળાવળનાં પદ લખ્યાં છે પ્રભાત.

દુત આવ્યો એક દોડતો રાય રાવણ પાસે; શિશ નામી પછી બોલીયો કેમ બેઠા આવશે. દુત ૧ રામ લક્ષ્મણે ધડ ઘેરીઓ, સાથે સુગીવ સંપે; હનુમાન હાક વાગતાં કુળું કાળજ કંપે. દુત. ૨ ત્રંબક જેણે તોડયું રાય જનકને દુવારે; તેની સીતા સીદ લાવીયા, બળ દીઠું ત્યારે, દુત. ૩ ભાઇ તમારો અભાગિયો, વિભિષણ રણ આવ્યો, જોદ્ધા બીજ જોરાવર ઘણા, રામ સંગાથે લાવ્યો, દુત. ૪ સાગર સેતુ બાધીને સેન્ના પાર ઉતારી; દળ વાહળ અતી દોડતુ સઉને નાંખશે મારી દુત. ૫ શસ્ત્ર શોભવિ હાથમાં ચીત ચળ્યુ મારૂં જોઇ; ધનુષ્ય ચઢયાં રામનાં સુધ બુધ મારી ખોઇ દુત, ૬ ગદા ગ્રહી કોઈ હાથમાં કોઇ કુદંતા આવે; કાંગરે વાંદર વીંટાઆ સીતા સીતા બોલાવે દુત ૭ ભાગોળે ભડતો આવીયું, ગઢ તોડયો તમારો; પ્રભાતના પ્રભુ ચઢી આવીઆ, નથી વાંક અમારો. દુતરે આવ્યો એક દોડતો. ૮

પદ ૧ રાગ ઉપરનો, રાવણ દુતને દાખવે મતિ કંકર મંદા; રામ ચઢી આવી શું કરે, અહી બેઠા છે બંદા. રાવણ.૧ અલ્યા દળરે વાંદરનું દેખીને,શું શોચે અભાગી;ગઢના તો ઉપર ગડગડે,રહયાં ત્રંબાળું વાગી રાવણ. ૨ જનકને ઘેર રામે જય કર્યો, રામ ઘેર જય મારો; લાવ્યો સીતાને હું લંકમાં,વંક સ્વામી હુ તારો. રાવણ. ૩ કુંભકરણ ભડ બાંધવો, ભીડ ભંજન ભાઇ; ક્ષણ રણ રાક્ષસ રોળસે,ફરે મારી દુવાઇ,રાવણ.૪ શાતુ બંધી તેણે શું થયું, આપણ બાંધીશું રામ; લક્ષ્મણને મુરછા કરૂં, મારૂં રાવણ નામ. રાવણ. ૫ દળરે વાંદર દેખી શું ડરો, ભારે ભડગઃ માંથે; શસ્ત્ર અંબાર અતી ઘણો, બળીયા પડીસું બાથે. રાવણ. ૬ ધનુષે ધનુષ તોડું રામનું, શર શાંધીને મારૂ; ગદા ગહી ફેકું સાગરે, ધાર મનમાંહી ધારૂં. રાવણ. ૭ ભડને દેખીશું ભડકીયો, કળા કંકર કહીએ; પ્રભાના પ્રભુને હું તો નહીં નમું, સત્ય વાણીએ લહીએ રાવણ. ૮

પદ. ૨ રાગ ઉપરનો. મંદોદરી સ્વામીને કહે, સુણી સરવે વચન; જધતપતીને જાણ્યા નહીં, નીરખીને લોચન. મંદોદરી. ૧ સીતા સતીને શીદ લાવીયા, દુષ્ટ

બુદ્ધિ એ દાખી; પરહર્યું પુન્ય તે દીનનું. રૂડી રીત ન રાખી. મંદોદરી. ૨ નોહોચી ખોટ નાથ નારીની પુત્ર પુત્રી અપાર; શા કારણ એ સાધવી, લાવ્યા સીતા અસાર. મંદોદરિ. ૩ મનુષ નથી રામચંદ્રજી, સોળ-કળા સહીત; અવતરીયા ભકત રક્ષણે, કામ ક્રોધે રહીત મંદોદરી, ૪ અવધપતિનેરે દુભીયા, અવધી આવી તુમારી; ચેતી શકાય તો ચેતજો, રતી મતી અમારી. મંદોદરી, ૫ બળીયાને સાથે બાથ છે, નાથ તે થકી ન-મીએ; સીતા આપો શ્રી રામને, દેહ તેની નંદમીએ, મં-દોદરી. ૬ મારૂં કહ્યું. જો માનો નહીં, તેથી થાશે વીના-શ;લંકાં ગઢ એ લુટશે, આવ્યા શ્રી અવીનાશ. મંદો દરી ૭ ઘટતું હતું એટલું કહ્યું, કરો ઘટમાં વીચાર; પભાશંકરના નાથને. કીજીએ નમસ્કાર. મંદોદરી. ૮

પદ ૩ રાગ ઉપરનો રાવણ કહે સુણ સુંદરી, ઘેલી ઘેલું શું બોલે, રામ લક્ષ્મણ ક્ષણુંમાં હણું, નહીં મારે એ તોલે રાવણ કહે. ૧ કુમક કરે કુંભકરણ એ, મરડી કરડી લે ખાઇ; પુત્ર ઇદ્રજીત આવશે, શવાલક્ષ જમાઇ. રાવણ. ૨ સેન્યા પતિ સાત લક્ષ છે, અતી બળીયા અપાર; દાનવ માનવ મારશે, રામ સેન્યા સંહા

૨. રાવણ. ૩ સ્વર્ગ મ્રત્યુ પાતાળમાં, આણ વરતે અ-
મારી; નાક છેદયુ મારી બેનનું, એતો નણદી તમારી
રાવણ. ૪ જનકસુતા જોઇતી હતી,રામે ત્યાં થકી લી-
ધી; તેરે દીવસનું વેર છે માટે ચોરીજ કીધી. રાવણ.૫
ડરૂં નહીં રામ દેખીને,હામ હઇએ અપાર; શત્રરૂભાવે
સનમુખ મારૂં, પામું પદ રજસાર.રાવણ.૬ મરણ થતા
શરણ પામશું, લંકાં જાતાંમાં જડશે; વઇકુંઠ પદવી
પામશું,જમ કિંકર ખડશે. રાવણ.૭ અવિનાશીને હું
ઓળખું, દેહ ધરી મુજ કાજે;પ્રભાશંકરના સ્વામીને,
સીતા આપું ન આજે. રાવણ.૮

પદ ૪ રાગ ઉપરનો—સુખ દુઃખ મનમાં ન આણી
એ, ઘટ સાથેરે ઘડીયાં; ટાળ્યાં તે કોઇનાં નહિં ટળે.
રઘુનાથનાં જડીયાં. સુખ દુઃખ. ૧ નળ રાજા સરખો
નર નહીં, જેની દમયંતી રાણી; અડધે વસ્ત્ર વનમાં
ભમ્યાં, ન મળ્યાં અન્નને પાણી, સુખ દુઃખ. ૨ પાંચ
પાંડવ સરખા બાંધવા. જેને દ્રોપદી રાણી; બાર વરસ
વન ભોગવ્યાં. નઇણે નિંદ્રા ન આણી. સુખ દુઃખ ૩
રાવણ સરીખો રાજીયો, મંદોદરી રાણી; દસ મુસ્તક
છેદાઇ ગયાં,બધી લંકાં લુટાણી સુખ દુખ. ૪ હરીશ્ચંદ્ર

રાય !સતવાદીયો, તારાલોચના રાણી; તેને વિપત્તી બહુ પડી. ભર્યાં નિચ ઘેર પાણી સુખ દુખ, ૫ સીતા સરખી સતિ નહીં, જેના રામચંદ્ર સ્વામી રાવણ તેને હરિ ગયો,સતિ માહા દુખ પામી સુખ દુખ. ૬ શીવજી સરખા સતા નહી. જેની પારર્વતી રાણી; ભોળવાયા ભીલડીથકી. તપમાં ખામી ગણાણી સુખ દુખ.૭રાર-વે દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી; ભાવટ ભાગી ભુદરે, મેહેતા નરસઇનો સ્વામી. સુખ દુખ. ૮

પ૬ ૫ રાગ ઉપરનો—કોણ એ સમાના કામની,દ-ત ફળીએ રામા; ધરૂ પતિની લજ્જા રાખવા,હરી આ-વ્યા છે સામા. કોણ. ૧ વાલોજી ગયાતા વાડીયે. સઘ-ળી ગોપીયો સંગાથે; શેલડીની છોઇ ઉતારતાં, છરી બેઠી છે હાથે, કોણ એ. ૨ માનીતી મંદીર પધારીયાં. ચીથરડુરે લેવા; ધરૂપતીએ ચીર વધેરીયું,હરીને પાટા દેવા, કોણ એ. ૩ ત્રીકમે તેના તાંતણા, લખી રાખ્યા છે લેખે; નવસેં નવ્વાણું ચીર પુરિયાં, સભા સઘળીરે દેખે. કોણ એ. ૪ ગરૂડે ચડી ગોવીંદ આવીયા,આવ્યા અંતરજામી; ભક્ત ઉદ્ધારણ ભુદરો, મહેતા નરસઇ-યાનો સ્વામી. કોણ એ. ૫

પદ ૬ અથ બાપ દિકરાનો સંવાદ લખ્યોછે. રાગ ચાબખાનો માનને કહ્યું તું મારૂંરે છોકરા, માનને કહ્યું તું મારૂં. ટેક. નાહનેથી તુને મોટોરે કીધો, છોકરૂં જાણી મારૂં; ઘરડાં માબાપને ગાંઠતોરે નથી, મન થયું છે કોઇ ન્યારૂંરે, છોકરા. ૧ પારકી છોકરીને ફંદમાંરે નાંખી, ને ઘર માંડ તું તારૂં;નાહાની ઉમ્મરમાં ભક્તિ કર્યું ના આગળ છે દહાડા આજથી શું કરયું કાળુ; ધોળી ડાઢીમાં ધુળ ઘલાવી.કુળ લજાવ્યું મારૂંરે છોકરા ૩ માળાના ગુછળાંને ટીલાં ટબકાં, ને નામ કહાડયું બહુ સારૂં, ખાંધ સમાન છોકરા તું શે ન મરી ગયો, મુઠી દેને ભજવું વારૂંરે. છોકરા. ૪ ઘરવાળી તું સાંભળને સાચું,નાક વઢાવ્યું મારૂં તારૂં, કહેછે ઘેલો એમ માયા દમે છે,સમજે તે કંઇક વિચારૂંરે છોકરા ૫

પદ ૧ રાગ ઉપરનો–સાંભળોને મારા બાપારે.વાત મારી સાંભળોને મારા બાપા, ટેક મને ઉછેર્યો તે પાડ હું માનીશ, એવી શીખામણ ન આપો;તમે કહો-છો સંસારને માડ તું, એવું કયાં વળગાડો બાપારે. વાત મારી સાંભળોને મારા બાપા, ઘરડા થયા હજુ ગમ્યા નહીં ગોવીદ, કીધાં કરમે બહુ પાપ. વાત મારી

૧ તમે કરયું એવું મન કરાવો, બુદ્ધિ તમારી જાણે છાપરે, વાત. ૨ એવી શિખામણ ન દેશોરે ડોસા,જપો અજંપા જાપ; તમે અમે મળી કુળનેરે તારીએ, થાય લક્ષ ચોરાશી માફરે. વાત મારી. ૩ હું હવે કયારે ભક્તિ મુકું,મારી પ્રડી ભકિતની છાપ;નાક ઉલટું વધારીને આપું, કાપું જનમ મરણ સંતાપરે. વાત મારી. ૪ ડગમગતા તમે મુકોને ડોસા,હરી ચરણે ચિત થાપો કહે ઘેલો પીતા પળ પળ માંહે, સંસાર બળે ત્રણ તાપોરે વાત મારી. ૫

પદ ૩ રાગ ઉપરનો સાંભળોને મારી માડીરે વાત મારી; સાંભળોને મારી માડી. ટેક. માતા તુને હું પયે પડું છું, ભકિતમાં શું પડે આડી; સાપણ સરખા તારા ઢંગ જણાય છે, ધન્ય ગોપીજન લાડીરે. વાત મારી. ૧ સગા સબંધી ને વેવાઈ પરૂણા, તેને ઘી પીરસે આડી વાડી; સંતોને દેખીને મોં મચકોડે, પડશો નરકની ખાડીરે. વાત માંરી. ૧ મારૂં મારૂં કરતી ઘરડી થઇને, મનુષ્યા દેહ વણસાડી; કાંતી કાંતીને ચુલા પુંઠળ દાટયું; એ તે જશે ડોઇ કાહાડીરે. વાતમારી. ૩ ભજ ભગવાનને મેલ લવારો, પાડા જણુશે કે પાડી;

કહે ઘેલો હેક ઘડપણ આવશે, ઉઠી જશે તારા વાડારે વાત મારી.

પદ ૪ રાગ ઉપરનો શું અમને સમજાવેરે છોકરા; શું અમને સમજાવે. ટેક મીઠી મીઠી તું વાત કરીને, ઘર મારૂં ભેળાવે; મારારે કુળમાં ભકિત નથી જાણી, તું તો અમને ભમાવેરે. છોકરા, ૧ અમે કરીએ જો તારારે જેવું. તો માથે ધોળા કેસ આવે; હરિએ બીચારે સારી બુદ્ધિ આપી, સંસાર સારો ચલાવેરે છોકરા. ૨ તાણી તરીલાં સહુનાં કરીએ પુરાં, સસારમાં આબરૂ કહાવે; ભકિત માંડી સહુ બરકત નાઠી; પાછળથી નામ બોળાવેરે. છોકરા. ૩ સંસાર માહાલોને ઘરડાંને પાળો, ભકિત મુકોને ભાઇ હાવે; હરિ ભજતાં અમે શીદને વારીએ, ઘડપણમાં એ વાત ફાવેરે. છોકરા, ૪ અમે છોકરાં રામ રામ કહીએ તારા સમજ્યામાં ન આવે, ઘેલા ઘરમાં ઘાલી સમજાવીએ, તો માણસની ઓળમાં આવેરે. છોકરા. ૫

પદ ૫ રાગ ઉપરનો—રામ ભજોને મારા મોટારે; હવે તમે રામ ભજોને માર મોટા. ક. સમજ્યા વિનારે

શિખામણ દ્યોછો; એ મનસુબા ખોટા; હરી; ભકિત વિના ભવ નહી તરિએ જમડાના વાગશે સોટારે. હવે તમે, ૧ ઉંધાં ચિતાં કુડાં કરમ કરીને; નાતમાં લાહ્યા લોટા; રામ ભજ્યા વિના કીધું સઉ કાચુ, ગળે નિકળશે ગોટારે હવે તમે. ૨ સંસારની માયામાં સરવે લુંટાયા, બુડી ગયા મોટા મોટા; કાળ આગળ કચરાઈ ગયા છે જેમ દારૂ કેરા ટેટારે. હવે તમે. ૩ નામ અમારે જો રાખવું હોય તો, હરી ભજીને થાવ મોટા; કહે ઘેલો શિખામણ છેલી દેહ પાણી તણા પરપોટારે. હવે તમે. ૪

પદ ૬ રાગ ઉપરનો—ભકિત કરજે મારા ભાઇરે; છોકરા ભકિત કરજે મારા ભાઇ. ટેક, દશ વરસ પશુપણામાં ખોયાં, ને જુવાની આવી છે ધાઇ; જુદુ રહેવાનું તમે કરોછો, કાળ નાંખશે તુને ખાઇરે. છોકરા. ૧ નાત જાતને સગાં સબંધી, લાજે મુઆં ધાઈ ધાઇ; સ્વપ્નાનું ચટકુ ઝાકળ જેવું, અંતે ખોટી સગાઇરે. છોકરા સાધુની સંગે હરી ભજનમાં, રામ ચરણે ચીત લાઇ; સંસારને નામે મેલોને પુળો, દુઃખ દાળિદ્ર દુર જાઇરે.

છોકરા. ૩ જુવાનીમાં જે કરશો તે થાશેને ઘડપણુમાં લાગશે લાઇ, કહે ઘેલો કાંઈ તન તપાશીએ શું રહયો છું મન મુઝાઇરે. છોકરા. ૪

॥ અથ હિંડોળાનાં પદ ॥

રાગ ગોડી બ્રજકે આંગણુ મચ્યો હીંડાળો, બ્રજકે આંગણુ મચ્યો; ચઉદ ભુવનકી શોભા નીરખત શંકર ટાંડવ નાચ્યો. હીંડારો. ૧ શિવ સનકાદિક મુનીવર નારદ, હીંડારો દેખન આએ; નંદાજીકો લાલ જુલાવત દેખો. બડી લુટ હમ પાએ. હીં. ૨ વ્રજ જુવતિ અટારી ઝાંખે, અપનો તનમન વારે પ્રેમાનંદદાસ કો ઠાકોર, ચીત ચોરાવનહારે. ૩

રાગ કાલરો—હું રંગ રાતી ને હું મદ માતી, શામળિયા સંગ હીંચુરે; કોડ ભરચો અતી કુંવર નંદનો આલીંગન દેઇ સીંચુરે. હું રંગ રાતી. ૧ હીંડાળે હીંચે મારો વાલો, હીંચતાં કેલ કીજેરે; ઘુમરડી ઘુમરઠી ઘુમાવે ગોકુળપતી, લાહાવો લડસડ લીજેરે. હું રંગ રાતી. ૨ અલ જાઇએ અલવેસર સાથે. વીલસત જુમનાં માનુરે; લેહેરિ લેતાં અંગસમાગમ, મધુરપાન કીધું

છાનું રે. હું રંગ ૩ હીંડોરે હુલરાવું તમને, હેતે કરીને ગાનુરે; નરસઇયાના સ્વામી સંગે રમતાં, કાનજીની કંઠે વળાવું રે હું રંગ રાતીને છું મદમાતી.

પદ ૧ રાગ કાલરો—હીંડોળે હીંચે મારો વાહાલો, હીંચતાં રંગ લાગ્યો; શામાને શામળીયા સાથે, લાજ તણો ભય ભાગ્યોરે, હીંડોળે. ૧ શામાને સોહાવે દંપતી, રશીયાશું રસ વાધ્યોરે; લેહેરી લેતાં અંગ સમાગમ, વીચતડો વર લાધ્યોરે; હીંડોળે. ૨ દીનોનાથ હીંડોળે હીચે, ફુલ્યો મદન મદમાતે રે; નરસઇયાનો સ્વામી ભલે મળીયો; માનુની આ રંગ રાતોરે હીંડોળે. ૩

પદ ૨ રાગ કાલરો—એ દિસે સખી મેઉલો આવે નાઠ્યા મારા નાથ વિદેશીરે; અનંગ આહેડીએ ધનુષ્ય ચઢાવ્યું, અમો અબળાની પેર કેસીરે. એ દિસે. ૧ અમર ગાજે ને વીજ ઝબુકે, મેઉલીએ ઝડ માંડીરે; નગણા નાથને શું કહીએ મારી બેની, આને અવસરે ગયો છાંડારે. એ દિસે. ૨ આગે દિન દોહેલડા નારગમ્યા, દાદુર મોર બિવરાવેરે; વેહુણીએ વાએ જેમ

ચાતુક, સુતાં સાલ જગાવેરે.ઓ દિસે. ૩ આણી તરેહ જેણે હરીના ભજ્યારે, તે નર પશુડાં કહીએરે; નરસઇયાના સ્વામી વીના દાહાડલા, દેવને લેખે લઇએરે ઓ દિસે. ૪

પદ ૩ રાગ કાલેરા—મેઉલો ગાજે ને માધવ નાચે, રૂમઝુમ વાગે પાયે ઘુઘરડી; તાલ પખાજ વગાડેરે ગોપી કૃષ્ણ વગાડે વેણુ વાંસલડી, મે. ૧ પહેરણ ચરણાને ચીર ચુંદડી, ઓડણ આછી લોભલડી; દાદુર મોર બપઇયા બોલે, મધુરીશી બોલે કોયલડી. મેઉલો ૨ ધન્ય વસીવટ ધન્ય જુમનાં ત્રઠ, ધન્ય વંદ્રાવનમાં અવતારરે; ધન્ય નરસાઇયાની જીભલડીને,જેણે ગાયો રાગ મલારરે. મેઉલો. ૩

પદ ૪ રાગ માલવ—હીંડાળો નવ રંગો સુજની, જ્યારે ઝુલે શ્રી વલ્લભરાય; ચાલો સઇરો જોવા જઇએ, આ સુખ શોભા કહી નવ જાય. હીં. ૧ નવરંગ ખંભ કનક અતી સુદર, નવરંગ ડાંડી ચાર સુહાય નવરંગ ચોકી તકિયા ગાદી; નવરંગ મોતી જુમખે છાય. હીં. ૨ નવલ લાલ નવરંગી રાધા, નવરંગ જુવંતી ઢાળે

વાય; નવરંગ મોર કળા કરી નાચે, નવરંગ જુમનાં લેહેરે જાય. હીં. ૩ નવરંગ પુષ્પ વ્રષ્ટી વ્રજ ઉપર, ઈંદ્ર મુદિત ત્યાં દુંદભી વાય નવરંગ ભકત તણાં મન પ્રફુલિત, માધવ દાસ ઉમંગી જસ ગાય. હીં. ૪

પદ ૧ રાગ માલવ—હીંડોરે ઝુલે નંદાનંદન, લાડકડા બ્રખુભાન કુમાર, નવજો બન નવરંગી બાળા, નવલ નવલ બની બ્રજકી બાળ હીં. ૧ હીંડોળે નવરંગ માણેક જડીયાં, નવસત ભુષણ સોહે અંગ; નવ સણગાર સજ્યા બ્રધાનેણી, નવરંગ ચોળી ચોહે અંગ હીં. ૨ નવલ વૃષારૂતુ સુંદીર દીસે, ઝરમર ઝરમર વરસે મેઘ; જગ ગામની દામની અતી દમકે, નવરંગ ગીરધર નવલો નેહ. હીં. ૩ નવલ વ્રંદ્રાવન નવલ વ્રજલાલા, નવલી ગોપી હરીની પાસ; ભણે નરસઇયો સુખ સાગરમાં, સું જઈ કરીએ વઈકુંઠ વાસ. હીં. ૪

રાગ સોરઠા સામેરી—અનીહાંરે હીંડાળે ઝુલે શ્રી કુંજબીહારી સંગે શોભીત શ્રી રાધેપ્યારી; અનીહાંરે કદમકી ડારે હીંડાળો સોહે, લખ સુખ રતિપતિકો

મન મોહે. હીં. ઢાળ ઓનહાંરે હો લખ સુખરતી પ-તીકો મન મોહે, શશિ સુરજફીકો પડે; શેષ સારદા ઓર અજ, એ દર્શનકું આગે ખડે. ૧ અનીહાંહાંરે હો હંસ મોર ચકોર ચાતુક બપૈઆ અરૂકીર; લલીતા વિશાખા દેત જોટીકા, તારૂણી તન અતિર. ૨ અનિહાં હાં હાં રે હો તાલ મરદંગ અરૂ બેનુ બાજે, ગોપી ગુણ ગાવે સહુ; દાસ નહાનો નિરખી લીલા, ભોર નિશાંએ એમ લહયું. ૩

પદ ૧ સાખી—સુંદરવર નર શામળો, સુંદર વ્ર-જકી બાળ; સુંદર બાંધ્યું ઝુલણું, અતી સુંદર કદ-મની ડાળ, ૧ ચાલ—અનીહાંહારે સુંદર કદમની ડાળ, અતી સુંદર જુલન પાન ત્યાં જુલે શ્રી મદન ગોપાળ જુલાવંતી અબળા બાળ. ૧ નવરંગી દાંડી ચાર, ગાદીને તકીયા સાર; બાંધી ચોકી રત્ન જડાય, ગુચ્છા મોતીનો લડકાવ; સખી સહુ ધુમરડો ઘાલે. માંહી મો-હન બેઠા માહાલે, રૂઘનાથના સ્વામીની પાસ શ્રી રા-ધાજી બેઠા વીલાસ,૧ રાગ મલાર—ઝુલનકો દીન આયો હીંડોળે માઇ ઝુલનકો દીન આયો,ગરજત ગગન સ્ત્રી

દામની ચમકત રાગ મલાર ઝમાયો, હીંડોરે મનઇ. ૧ કંચન ખંભ સુંઢાર બનાયો બીચ બીચહીરલા લગાયે ડાડી ચાર સુદેશ સહાઇ, પટોળી હેમ જડાય; હીંડોરે મા. ૨ નાની બીધકે કુસુમ માનોહર મોતીયન ઝુમકે છાયો, મધુર મધુર ધુનિ બેન બજાયે. દાદુર મોર જીવાયો, હીંડોરે માઇ ૩ રમકની ઝમક બની પીઆ પ્યારી કંકનિ શબ્દ સુહાયો ચતુરભુજ પ્રભુ ગીરધરના લાલસંગ, માનુની મંગળ ગાયો; હીંડોરે. ૪

પદ ૧ રાગ મલાર—શામ ઘટા ચઢ આઇ બ્રજપર શામ ઘટા ચડ આઇ. કોપ્યો ઇંદ્રિ મહા અભીમાની; ગોકુળ દીયોહે બીહાઇ. બ્રજપર. ૧ મુસગ ધારાએ મેહુલો વરસત, બહુ બુંદ ઝડી લગાઇ; ગોપી ગોવાર સબ ભીંજન લાગે; ભીંજત કુંવરનાઇ,બ્રજપર શામ. ૨ ગીરી ગોવરધન કર પરધર્યો, સબ ગોકુલ યાસે બુલાઇ; સુરદાસ જલ ઉમંગ રહયોહે ફીર ગઇ કૃષ્ણ દુવાઇ, બ્રજપર. ૩

પદ ૨ રાગ મલાર—લાગત બુંદ કટારી, પીયા બીના લાગત બુંદ કટારી, જાકે પીયા પરદેશ સધારે,કેસે

જીતે એની નારી. પીયા બીના. ૧ દાદુર મોર બપ-
ઇયારી બોલત, ઓકી છબી હે ન્યારી; સુરદાસ પ્રભુ
તીહારે મીલનકું તુમ જીતે હમ હારી. પી. ૨

પદ ૩ રાગ મલાર—બુંદ ભીજત મોરી, સાડી મેં
કેસે આવું બુંદ ભીજત; ગગન જતને દુજો કજકોર,
મીસરી રાત અંધારી મેં કેસે, ૧ એક દુજો મે હકીમ-
થની આવત હે જાુમના જલ ભારી; સુરદાસ પ્રભુ
દીજે કમલીયાં, અઇ મીશરી પરદારી. મેં કહે. ૨

સમાપ્ત